અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

25 NOVEMBER-2025 TUESDAY | Vol. : 17 | Issue : 144 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  બદ્રીનાથમાં પારો માઈનસ 16 ડિગ્રી, ધોધ થીજી ગયો: હરિયાણાના 11 ....

4 

હજી પણ નાની નાની ભૂલ સુધારીને મનને વિકારિત થતું બચાવી શકાય છે !

6  શ્રદ્ધા કપૂર ડાન્સ કરતી વખતે ઘાયલ થતાં ઈથાનું શૂટિંગ અટક્યું

7  વધતા ટેક્સના કારણે સ્ટીલ ઉદ્યોગપતિ લક્ષ્મી મિત્તલ યુકે છોડશે

# CJI સૂર્યકાંતે શપથ લીધા, દેશના 53મા ચીફ જસ્ટિસ

## માતાપિતાના પગે લાગ્યા, ભૂતપૂર્વ CJI ગવઈને ભેટી પડ્યા, 14 મહિનાનો કાર્યકાળ

**નવી દિલ્હી, તા.24**

રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જસ્ટિસ સૂર્યકાંતને ભારતના 53મા ચીફ જસ્ટિસ (CJI) પદના શપથ લેવડાવ્યા હતા. શપથ બાદ CJI સૂર્યકાંતે રાષ્ટ્રપતિ ભવનમાં PM મોદી અને અન્ય લોકો સાથે મુલાકાત કરી હતી. શપથ લીધા બાદ જસ્ટિસ સૂર્યકાંત ભૂતપૂર્વ CJI બીઆર ગવઈને ભેટી પડ્યા અને તેમના માતાપિતાને પણ પગે લાગ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા સમારોહમાં બ્રાઝિલ સહિત સાત દેશોના મુખ્ય ન્યાયાધીશો અને સુપ્રીમ કોર્ટના જજ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં PM નરેન્દ્ર મોદી,



રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા. રિપોર્ટ્સ અનુસાર, ભારતીય ન્યાયતંત્રના ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું કે આટલું મોટું આંતરરાષ્ટ્રીય ન્યાયિક પ્રતિનિધિમંડળ CJIના શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યું. ભૂટાન, કેન્યા, મલેશિયા, મોરેશિયસ, નેપાળ અને શ્રીલંકાના મુખ્ય ન્યાયાધીશો અને તેમના પરિવારોએ આ સમારોહમાં હાજરી આપી. વર્તમાન CJI બીઆર ગવઈનો કાર્યકાળ રવિવાર 23 નવેમ્બરના રોજ સમાપ્ત થયો. જસ્ટિસ સૂર્યકાંત તેમની જવાબદારી સંભાળશે. જસ્ટિસ સૂર્યકાંત 9 ફેબ્રુઆરી, 2027ના રોજ નિવૃત્ત થશે અને તેમનો કાર્યકાળ લગભગ 14 મહિનાનો રહેશે. જસ્ટિસ સૂર્યકાંતનો આખો પરિવાર હિસારના પેટવાડ ગામમાં રહે છે. તેમના મોટા ભાઈ માસ્ટર ઋષિકાંત તેમના પરિવાર સાથે ગામમાં રહે છે, જ્યારે એક ભાઈ હિસાર શહેરમાં રહે છે અને ત્રીજો ભાઈ દિલ્હીમાં રહે છે. સૂર્યકાંત ઉપરાંત તેમના ત્રણ ભાઈઓ - ઋષિકાંત, શિવકાંત અને દેવકાંતને પણ આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. મોટા ભાઈ માસ્ટર ઋષિકાંતે જણાવ્યું હતું કે આખો પરિવાર એક દિવસ પહેલા દિલ્હી આવી ગયો હતો. સૂર્યકાંતના મોટા ભાઈ દેવકાંતે જણાવ્યું હતું કે જસ્ટિસ સૂર્યકાંતના પત્ની સવિતા સૂર્યકાંત એક નિવૃત્ત કોલેજ પ્રિન્સિપાલ છે. તેઓ ભૂતપૂર્વ અંગ્રેજી પ્રોફેસર હતા. તેમને બે પુત્રીઓ છે.

### જસ્ટિસ સૂર્યકાંતના યાદગાર ચુકાદાઓ

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્યકાંત અનેક બંધારણીય બેન્ચ પર સેવા આપી ચૂક્યા છે. તેમના કાર્યકાળ દરમિયાન તેમણે બંધારણીય, માનવ અધિકારો અને વહીવટી કાયદાના મુદ્દાઓને આવરી લેતા 1,000થી વધુ ચુકાદાઓ આપ્યા. તેમના સીમાચિહ્નરૂપ નિર્ણયોમાં કલમ 370 રદ કરવાના 2023ના નિર્ણયને સમર્થન આપવાનો સમાવેશ થાય છે.

1. તેઓ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટની પૂર્ણ બેન્ચનો ભાગ હતા, જેણે 2017માં ડેરા સચ્ચા સૌદા જેલમાં બળાત્કારના કેસમાં થયેલી હિંસા બાદ સંપૂર્ણ સફાઈનો આદેશ આપ્યો હતો.
2. જસ્ટિસ સૂર્યકાંત એ બેન્ચનો ભાગ હતા જેણે વસાહતી યુગના રાજદ્રોહ કાયદાને સ્થગિત કર્યો હતો અને નિર્દેશ આપ્યો હતો કે સરકાર તેની સમીક્ષા ન કરે ત્યાં સુધી તેના હેઠળ કોઈ નવી FIR નોંધવામાં ન આવે.
3. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન સહિત તમામ બાર એસોસિએશનોમાં એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો નિર્દેશ આપવાનો શ્રેય પણ ન્યાયાધીશ સૂર્યકાંતને જાય છે.
4. જસ્ટિસ સૂર્યકાંત એ સાત જજોની બેન્ચનો ભાગ હતા જેમણે 1967ના અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના નિર્ણયને રદ કર્યો હતો, જેનાથી યુનિવર્સિટીને સંસ્થાના લઘુમતી દરજ્જા પર પુનર્વિચાર કરવાનો માર્ગ મોકળો થયો હતો.
5. તેઓ પેગાસસ સ્પાયવેર કેસની સુનાવણી કરતી બેન્ચનો ભાગ હતા, જેણે ગેરકાયદેસર દેખરેખના આરોપોની તપાસ માટે સાયબર નિષ્ણાતોની એક પેનલની રચના કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષાના આડમાં કોઈને પણ મુક્ત હાથ ન હોઈ શકે.

# દિલ્હીમાં ખોટા રનવે પર લેન્ડ થયુંઅફઘાનિસ્તાનનુંપ્લેન....

## ટેકઓફ થતી ફ્લાઈટવાળા રનવે પર જ લેન્ડ થયું વિમાન, સદનસીબે ત્યાં કોઈ વિમાન ન હોવાથી દુર્ઘટના ટળી

**નવી દિલ્હી, તા.24**

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક મોટી દુર્ઘટના ટળી. અહીં અફઘાનિસ્તાનની એક ફ્લાઈટ ઉડાન ભરનાર રનવે પર લેન્ડ થઈ ગઈ. સદનસીબે આ રનવે પર અન્ય કોઈ ફ્લાઈટ હતી નહીં. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે.



ઘટના રવિવાર બપોરે 12.06 વાગ્યાની છે, પરંતુ સોમવારે સવારે મીડિયામાં આવી. અફઘાનિસ્તાનની એરિયાના એરલાઈન્સની ફ્લાઈટ FG 311 કાબુલથી આવી રહી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, વિમાનને રનવે 29 Left (29L) પર લેન્ડિંગની પરમિશન આપવામાં આવી હતી, પરંતુ પાયલટે ભૂલથી તેને 29 Right (29R) પર લેન્ડ કરાવી દીધું. આ રનવે મોટાભાગે ટેકઓફ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. રિપોર્ટ્સ પ્રમાણે, તે સમયે રનવે 29 Right (29R) પર કોઈ વિમાન ટેકઓફ માટે હાજર હતું નહીં, નહીંતર ગંભીર દુર્ઘટના બની હોત. એવિએશન ઓથોરિટીએ આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. તેમના જણાવ્યા પ્રમાણે અફઘાનિસ્તાનના એવિએશન અધિકારીઓએ આ ગંભીર ભૂલને લઈને રિપોર્ટ મોકલવામાં આવશે.

આ દરમિયાન રવિવારે, મુંબઈથી ઉત્તરાખંડના દેહરાદૂન જતી ઈન્ડિગોની ફ્લાઈટને પક્ષી અથડાયા બાદ નુકસાન થયું હતું. ત્યારબાદ ફ્લાઈટનું સુરક્ષિત રીતે ઉતરાણ કરવામાં આવ્યું હતું અને તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં 186 મુસાફરો હતા. ફ્લાઈટના આગળના ભાગમાં થોડું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આ દરમિયાન આ ફ્લાઈટથી પરત ફરતા મુસાફરોને બીજી ફ્લાઈટમાં મોકલવામાં આવ્યા હતા. દેહરાદૂન એરપોર્ટના ડિરેક્ટર ભૂપેશ નેગીએ જણાવ્યું હતું કે સાંજે 6:40 વાગ્યે, મુંબઈથી દેહરાદૂન જતી ઈન્ડિગો ફ્લાઈટ નંબર IGO 5032, એરબસ 320 વિમાનમાં પક્ષી અથડાયાની જાણ થઈ હતી.

અગાઉ 7 નવેમ્બરના રોજ IGI ખાતે ATC ની ઓટોમેટિક મેસેજ સ્વિચ સિસ્ટમ (AMSS) માં ટેકનિકલ ખામીને કારણે 12 કલાકથી વધુ સમય માટે ફ્લાઈટ કામગીરી ખોરવાઈ ગઈ હતી. 800થી વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ મોડી પડી હતી, જ્યારે 20 રદ કરવામાં આવી હતી. 48 કલાક પછી એરપોર્ટ કામગીરી સામાન્ય થઈ ગઈ હતી.

સાયબર હુમલાની શંકા: ATC (એર ટ્રાફિક કંટ્રોલ) ના સૂત્રોએ જણાવ્યું હતું કે ઓટોમેટેડ સિસ્ટમ લાગુ થયા પછી આટલા લાંબા સમય સુધી આઉટેજનો આ પહેલો બનાવ છે. દિલ્હી એરપોર્ટ પર ફ્લાઈટ કામગીરી લગભગ 24 કલાક સુધી ખોરવાઈ હતી. ઓટોમેટિક મેસેજ સ્વિચિંગ સિસ્ટમ (AMSS) માં ખામી સ્પષ્ટપણે શંકા ઉભી કરે છે કે આ એક મોટો સંકલિત સાયબર હુમલો હોઈ શકે છે.

# 2.5 લાખ લોકોને છૂટા કર્યા પછી DoGE બંધ : મસ્કના નેતૃત્વ હેઠળ બન્યું હતું

**વોશિંગ્ટન, તા.24**

અબજોપતિ ઉદ્યોગપતિ ઈલોન મસ્કના નેતૃત્વ હેઠળના યુએસ સરકારના સંરક્ષણ વિભાગ (DOGE) ને નિર્ધારિત સમય કરતાં આઠ મહિના વહેલા બંધ કરી દેવામાં આવ્યું છે. તેની સ્થાપના 20 જાન્યુઆરી, 2025 ના રોજ રાષ્ટ્રપતિ ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા કરવામાં આવી હતી અને તે 4 જુલાઈ, 2026 સુધી કાર્યરત રહેવાનું હતું.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ વિભાગે 2.5 લાખથી વધુ સરકારી કર્મચારીઓને નોકરીમાંથી ડાયરેક્ટ છૂટા કર્યા છે અથવા તેમને બોયઆઉટ અને અર્લી રિટાયરમેન્ટ પેકેજ આપીને બહાર કર્યા હતાં.

રોઈટર્સના મતે આ વિભાગ



એક સમયે ખૂબ સક્રિય હતો, પરંતુ હવે તેના ઉચ્ચ અધિકારીઓ વિવિધ સરકારી કચેરીઓમાં કામ કરી રહ્યા છે. તેનો ઉદ્દેશ્ય સરકારને નાની, ઝડપી અને ઓછી ખર્ચાળ બનાવવાની હતી.

DoGE વિભાગ ટ્રમ્પના 'પ્રોજેક્ટ 2025'નો ભાગ હતો. શરૂઆતમાં ઈલોન મસ્ક અને વિવેક રામાસ્વામીને તેના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ વિભાગ શરૂ થાય તે પહેલાં જ રામાસ્વામીએ છોડી દીધું.

પોલિટિકોના અહેવાલ મુજબ, મસ્કે રામાસ્વામીને હટાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં તેમણે 2 ટ્રિલિયન ડોલર (170 લાખ કરોડ) બચાવવાનું વચન આપ્યું હતું.

જોકે DoGE ની વેબસાઈટ જણાવે છે કે તેનાથી $214 બિલિયનની બચત થઈ, પોલિટિકોની તપાસમાં જાણવા મળ્યું કે આ આંકડાઓ વધારે પડતા હતા.

મસ્કે આ વિભાગને 'નોકરશાહી માટે ચેઈનસો' ગણાવ્યો, સરકારી ખર્ચમાં ભારે ઘટાડો કરવાનું વચન આપ્યું. DOGE એ તેના શરૂઆતના દિવસોમાં ઝડપી વૃદ્ધિ જોઈ. જોકે, મસ્કે પોતે મે 2025 માં DOGE છોડી દીધું.

નેશનલ ન્યુક્લિયર સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન (NNSA) માં 350 નોકરીઓને સમાપ્ત કરવાનો આદેશ આપતાં DoGE ને સૌથી વધુ ટીકાનો સામનો કરવો પડ્યો. આ નિર્ણય એટલો વિવાદાસ્પદ હતો કે ઊર્જા વિભાગે થોડા અઠવાડિયામાં જ પાછળ હટવું પડ્યું અને લગભગ 322 કર્મચારીઓને પાછા બોલાવવા પડ્યા.

આ પગલાથી DOGE ની નીતિઓ પર નોંધપાત્ર પ્રશ્નો ઉભા થયા. નીતિશાસ્ત્રના નિરીક્ષકો અને જાહેર હિત જૂથોએ DOGE પર ટ્રમ્પ વહીવટીતંત્ર સામે દાવો પણ દાખલ કર્યો.

ABC ન્યૂઝ અનુસાર, DoGE ના ઘણા કર્મચારીઓ પાસે સરકારી અનુભવનો અભાવ હતો. તેમણે ડેટા સિસ્ટમમાં ઘૂસણખોરી કરી, DEI પ્રોગ્રામ બંધ કર્યા અને કેટલીક એજન્સીઓને સંપૂર્ણપણે તોડી પાડવાનો પ્રયાસ કર્યો.

# ચીને અરુણાચલ પ્રદેશની મહિલાનો પાસપોર્ટ ઈનવેલિડ ગણાવ્યો : કહ્યું- આ રાજ્ય ચીનનો ભાગ, મહિલાએ PM મોદીને લેટર લખીને ફરિયાદ કરી

**બેઈજિંગ, તા.24**

બ્રિટનમાં રહેતી ભારતીય મૂળની મહિલા પ્રેમા વાંગજોમે આરોપ લગાવ્યો છે કે ચીનના શાંઘાઈ એરપોર્ટ પર ચીની ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા તેમને કલાકો સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હતા અને હેરાન કરવામાં આવ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે પ્રેમાએ કહ્યું કે ચીની અધિકારીઓએ તેમના ભારતીય પાસપોર્ટને સ્વીકારવાની ના પાડી હતી કારણ કે તેમાં અરુણાચલ પ્રદેશને તેમનું જન્મસ્થળ તરીકે દર્શાવવામાં આવ્યું હતું. તે 21 નવેમ્બરના રોજ લંડનથી જાપાનની મુસાફરી કરી રહી હતી. શાંઘાઈ પુડોંગ



એરપોર્ટ પર તેમનો ત્રણ કલાકનો ટ્રાન્ઝિટ હતો. પ્રેમાએ આરોપ લગાવ્યો કે ઈમિગ્રેશન કાઉન્ટરના અધિકારીઓએ તેમના પાસપોર્ટને 'અમાન્ય' જાહેર કર્યો અને કહ્યું કે અરુણાચલ પ્રદેશ ચીનનો ભાગ છે. 18 કલાક સુધી તેમની પૂછપરછ કરવામાં આવી અને તેમની મજાક ઉડાવવામાં આવી. પ્રેમાએ આ અંગે પીએમ મોદી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને ફરિયાદ પત્ર લખ્યો છે અને આ વર્તનને ભારતની સાર્વભૌમત્વ અને અરુણાચલ પ્રદેશના નાગરિકોનું અપમાન ગણાવ્યું છે. પ્રેમાએ આરોપ લગાવ્યો કે તેનો પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો હતો અને કાયદેસર વિઝા હોવા છતાં તેને જાપાનની આગામી ફ્લાઈટમાં ચઢવા દેવામાં આવી ન હતી. પ્રેમાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે ત્યાં હાજર ઘણા ઈમિગ્રેશન અધિકારીઓ અને ચાઈના ઈસ્ટર્ન એરલાઈન્સના કર્મચારીઓ તેની મજાક ઉડાવતા રહ્યા, હસતા રહ્યા અને ચીની પાસપોર્ટ માટે અરજી કરવા માટે તેને ટોણો મારતા રહ્યા. પ્રેમાએ કહ્યું કે જે 3 કલાકનો ટ્રાન્ઝિટ હોવો જોઈતો હતો તે તેના માટે 18 કલાકની કઠોર કસોટીમાં ફેરવાઈ ગયો. તેણે કહ્યું કે આ દરમિયાન તેને યોગ્ય જાણકારી આપવામાં આવી નહીં, ન ભોજન મળ્યું કે પછી એરપોર્ટ સુવિધાઓની મંજૂરી પણ આપવામાં આવી ન હતી. ટ્રાન્ઝિટ ઝોનમાં ફસાઈ જવાથી તે નવી ટિકિટ બુક કરાવી શકતી નહોતી, ખોરાક ખરીદી શકતી નહોતી કે પછી એક ટર્મિનલથી બીજા ટર્મિનલ પર મુસાફરી કરી શકતી નહોતી.



# રાષ્ટ્રીય નેતાની રૂપાણી પરિવાર સાથે બંધ બારણે 22 મિનિટ બેઠક

## શહેર પ્રમુખને બહાર બેસાડ્યા, ઋષભ રૂપાણીએ બી.એલ.સંતોષ અને વિશ્વકર્માને ચરણ સ્પર્શ કર્યા





**રાજકોટ, તા.24**

રાજકોટમાં ભાજપના કમલમ કાર્યાલય ખાતે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી બી. એલ. સંતોષ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર ઝોનની બેઠકનું આયોજન કરાયું હતું. આજની મિટિંગને પગલે સૌરાષ્ટ્રભરના ભાજપના સાંસદો-ધારાસભ્યો સહિતના નેતાઓએ ખાસ હાજર રહેવા આદેશ કરાયો હતો. આ બેઠક પહેલાં બી.એલ. સંતોષ રૂપાણી પરિવારને સાંત્વના પાઠવવા તેમના ઘરે પણ ગયા હતા. જ્યાં વિજય રૂપાણીના પુત્ર ઋષભ રૂપાણી રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને પગે પણ લાગ્યા હતા. જો કે અંજલિબેન સાથેની 22 મિનિટ સુધી બંધ બારણે યોજાયેલી આ બેઠક દરમિયાન શહેર ભાજપ પ્રમુખ માધવ દવેને બહાર બેસાડવામાં આવ્યા હતા.

બીએલ સંતોષ, રત્નાકર અને જગદીશ વિશ્વકર્માએ અંજલિબેન સાથે બંધ બારણે 22 મિનિટ સુધી વાતચીત કરી હતી. જેમાં ચા નાસ્તો કરી વિજય રૂપાણીને યાદ કર્યા હતા. તેમજ તેની સંગઠનની કામગીરીને યાદ કરી પરિવારને હુંફ આપી હતી. જ્યારે વાત વાતમાં અંજલિબેનનું મન જાણવાનો પ્રયાસ રાષ્ટ્રીય નેતાઓ કર્યો હતો. જો કે તેને તેમાં સફળતા મળી હોવાનું સૂત્રો કહી રહ્યા છે. જો ભવિષ્યમાં રૂપાણી પરિવારમાંથી કોઈને સંગઠનમાં મહત્વનું સ્થાન મળે તો નવાઈ નહીં.

12 જૂનના રોજ પ્લેન ક્રેશમાં રૂપાણીનું નિધન થયા બાદ 16 જૂન, 2025ના રોજ ગુજરાતની જનતાએ ભારે હૈયે અને ભીની આંખે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને અંતિમ વિદાય આપી હતી. જેના ત્રણ મહિના પછી અંતિમયાત્રામાં થયેલો ખર્ચ ચૂકવવાની ભાજપે ના પાડી દીધી છે અને રૂપાણી પરિવાર પાસેથી જ આ ખર્ચ વસૂલવા માટે વેપારીઓને કહેવામાં આવ્યું હતું. જેને લઈ શહેર ભાજપમાં આંતરિક ખેંચતાણ પણ સામે આવી હતી.

આ સમયે પણ શહેર પ્રમુખની શંકાસ્પદ ભૂમિકા સામે આવી હતી. તેમણે સીધું જ ઉપર સુધી વાત કરવાનું જણાવી દીધું હતું. રાજકોટ શહેર ભાજપમાં રૂપાણી જૂથ અને ભરત બોઘરા જૂથ વચ્ચે આંતરિક ખેંચતાણો રહેતી હતી. જેથી ભરત બોઘરા જૂથના ગણાતા માધવ દવેને અંજલિબેન અને બી.એલ.સંતોષ વચ્ચેની મુલાકાતથી દૂર રાખવામાં આવ્યા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. જો માધવ દવેને હાજર રાખવામાં આવે તો રૂપાણી પરિવારને લઈ ભાજપની ભાવિ રણનીતિ લીક થવાની સંભાવના હતી. બંધ બારણે શું ચર્ચા થઈ તે ઘરની વાત ઘરમાં જ રહે અને વિરોધી જૂથને ચર્ચા વિશે કંઈ ખબર ન પડે તેને લઈ શહેર પ્રમુખને રૂપાણી પરિવારથી દૂર રખાયા હતા. અમિત શાહ રાજકોટ આવ્યા હતા એ સમયે પણ જુના જોગીઓને સાથે રાખીને ચાલવા ટકોર કરી હતી. જેમાં વિજય રૂપાણી જૂથના નીતિન ભારદ્વાજ ધનસુખ ભંડેરી જેવા નેતાઓ દેખા દીધા હતા. હવે ફરી વખત સંગઠનની વાત આવી તો જુના સંગઠનના લોકો એક્ટિવ થાય તો નવાઈ નહીં .એક સમયે રૂપાણી જૂથનો મહાનગર પાલિકાથી લઈ અનેક જગ્યા એ સંગઠન નો દબદબો હતો પરંતુ આંતરિક જૂથ વાદ ખેંચતાણમાં અનેક જુના જોગી સાઈડ લાઈન પર મુકાય ગયા હતા અને નિષ્ક્રિય ભૂમિકા માં મુકાઈ ગયા હતા જો કે ફરી રૂપાણી પરિવાર એક્ટિવ થાય તો જરૂર સંગઠન ને બળ મળે અને જૂના જોગીઓ મેદાને આવે તો સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી માં ભાજપ ને ફાયદો થાય તેવી પણ એક ચર્ચા છે. મળેલી સૌરાષ્ટ્ર ઝોનની આ બેઠકમાં મતદાર યાદી સુધારણા, BLOના થઈ રહેલા મૃત્યુ, સ્વદેશી અભિયાન ઉપરાંત આગામી કાર્યક્રમો અંગે ક્લાસ લેવામાં આવ્યા છે. આગામી સમયમાં ગુજરાતમાં કોર્પોરેશનની ચૂંટણીઓ હોવાથી સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે પણ આ બેઠક મહત્વપૂર્ણ માનવામાં આવી છે. રાજકોટ ભાજપ કાર્યાલય ખાતે રાષ્ટ્રીય મહામંત્રી બી. એલ. સંતોષને આવકારવા સજાવટ કરી લાલ જાજમ પાથરવામાં આવી હતી. આ બેઠકમાં ધારાસભ્ય ઉદય કાનગડ, દર્શિતાબેન શાહ, રમેશ ટીલાળાની સાથે જુના જોગી અને શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી ઉપસ્થિત રહ્યા છે.

આ અંગે રાજકોટ શહેર ભાજપ પ્રવક્તા રાજુ ધ્રુવે જણાવ્યું હતું કે, SIR અંગેની મહત્વની બેઠક માટે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી બી. એલ. સંતોષ, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર આજે રાજકોટ આવી પહોંચ્યા છે. સૌરાષ્ટ્ર ઝોનની મહત્વની બેઠકમાં 169 અપેક્ષિત કાર્યકર્તાઓ છે. જેમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના 15 શહેરો અને જિલ્લા પ્રમુખો તેમજ ધારાસભ્યો અને સાંસદ સભ્યો ઉપસ્થિત રહ્યા છે. જ્યારે વિજયભાઈ રૂપાણી પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના મહત્વના કાર્યકર્તા હતા ત્યારે તેમના નિધનથી સમગ્ર ભાજપ શોકમાં છે. આજે તેમની ગેરહાજરી દેખાઈ રહી છે ત્યારે રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી . એલ. સંતોષ સ્વ. વિજયભાઈના પત્ની અંજલિબેન રૂપાણીને સાંત્વના આપવા તેમના ઘરે પહોંચ્યા હતા. જ્યાં કોઈ પણ પ્રકારની પોલિટિકલ ચર્ચા ન હતી.

## ઝડપાયેલ આરોપી સામે હત્યાના પ્રયાસનો ગુનો : સમા પોલીસે ગાંજાના જથ્થા સાથે એકને દબોચ્યો, એક આરોપી વોન્ટેડ



**વડોદરા, તા.24**

વડોદરા શહેરનેના સમા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી પોલીસે બાતમીના આધાર રેડ કરી 725 ગ્રામ ગાંજો (કિં.રૂ. 36,250) સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ મામલે સમા પોલીસે ફરિયાદ નોધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલ આરોપી સામે અગાઉ NDPS અને હત્યાના પ્રયાસનો ગુનો હોવાનું સામે આવ્યું હતું.

આ કાર્યવાહીમાં પોલીસે ભરતભાઈ પ્રતાપસિંહ ચૌહાણ (રહે. મકાન નં. 36, નેહરૂનગર, ફતેહબાગ સોસાયટી પાસે, સંજયનગર, સમા) ને ઝડપી તેના ઘરે ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની બાતમીના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમ્યાન આરોપીના ઘરેથી ગાંજો મળી આવતા તેની પૂછપરછ કરતા આ ગાંજો તેને હરીશ ઉર્ફે કાંતી માછી નામના વ્યક્તિએ આપ્યો હોવાનું જણાવ્યું હતું. આ મામલે આરોપીની શોધખોળ ચાલુ છે. સમા પોલીસે આરોપીના ઘરેથી 725 ગ્રેન ગાંજો જેની કિંમત રૂપિયા 36250, ગાંજો પેક કરવાની પ્લાસ્ટિકની થેલીઓ, મોબાઈલ સહિત કુલ રૂપિયા 46,250નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી ભરતભાઈ ચૌહાણ પહેલેથી જ ગુનેગાર છે. તેની સામે NDPS એક્ટ હેઠળ 2021 અને 2023માં બે ગુના તેમજ હત્યાનો પ્રયાસ (કલમ 307) અને સરકારી આદેશનો ભંગ (કલમ 188) સહિતના અન્ય ગુનાઓમાં સંડોવાયેલ હોવાનું સામે આવ્યું છે.

### ત્રણ પોલીસ સ્ટેશનના ચોરીના 3 ગુનાનો ભેદ ઉકેલાયો

## LCBએ મહિલા સહિત ત્રણ મોબાઈલ ચોરને 28 હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં...



**ભાવનગર, તા.24**

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચએ મોબાઈલ ચોરીના ત્રણ ગુનાનો ભેદ ઉકેલી મહિલા સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી કુલ રૂ.28,000ની કિંમતના જુદી-જુદી કંપનીના ત્રણ ચોરાયેલા મોબાઈલ ફોન જપ્ત કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે,

આ બનાવ અંગે એલસીબી કચેરીએથી મળતી માહિતી મુજબ, LCB સ્ટાફ ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો, તે દરમિયાન ચોરી થયેલા મોબાઈલ ફોન સાથે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓને આગળની કાર્યવાહી માટે જે તે સંબંધિત પોલીસ સ્ટેશનોને સોંપવામાં આવ્યા છે. પકડાયેલા આરોપીઓમાં યશ ભાવેશભાઈ આલાણી (ઉં.વ. 19, ધંધો-મિકેનિક, રહે. વિઠ્ઠલવાડી, ભાવનગર), અજય રાજુભાઈ ચાવડા (ઉં.વ. 25, ધંધો-ગેરેજ, રહે. મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગર, હાલ-ગોપાલ સોસાયટી, કુંભારવાડા) અને પરવીનબેન મહંમદહુસેન બસીરહુસેન સૈયદ (ધંધો. ઘરકામ, રહે. હાઉસિંગ બોર્ડ ક્વાટર્સ, કુંભારવાડા, ભાવનગર)ને ઝડપી લીધા હતાં.

પોલીસે કુલ રૂ.28,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં સેમસંગ કંપનીનો બ્લેક કલરનો Galaxy A16 5G મોબાઈલ ફોન કિં.રૂ. 10,000, સેમસંગ કંપનીનો કાળા કલરનો Galaxy A14 5G મોબાઈલ ફોન કિં.રૂ. 8,000 અને નેવી કલરનો ઓપો કંપનીનો F27 Pro મોબાઈલ ફોન કિં.રૂ. 10,000નો મુદ્દામાલ ઝડપી લઈ LCBએ નિલમબાગ પો.સ્ટે, બોરતળાવ પો.સ્ટે. અને ગંગાજળીયા પો.સ્ટે. હેઠળ નોંધાયેલા મોબાઈલ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલ્યો હતો. આ બનાવ અંગે એલસીબી કચેરીએથી મળતી માહિતી મુજબ, LCB સ્ટાફ ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો, તે દરમિયાન ચોરી થયેલા મોબાઈલ ફોન સાથે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓને આગળની કાર્યવાહી માટે જે તે સંબંધિત પોલીસ સ્ટેશનોને સોંપવામાં આવ્યા છે

# સુરતમાં પોલીસ સ્ટેશનના ચોથા માળેથી કૂદી યુવકનો આપઘાત

### ફરિયાદ કરવા આવ્યો ત્યારે બૂમબરાડા પાડ્યા અને ટેરેસ પરથી પડતું મૂક્યું, કમ્પાઉન્ડમાં જ દમ તોડ્યો



**સુરત, તા.24**

સુરતના લિંબાયત પોલીસ સ્ટેશનના ટેરેસ પરથી કૂદીને યુવકે આપઘાત કર્યો છે. ચાર માળના લિંબાયત પોલીસ સ્ટેશનના ટેરેસ પરથી યુવકે મોતની છલાંગ લગાવી હતી. સ્ટેશનના કમ્પાઉન્ડમાં પટકાતાં ઘટનાસ્થળે જ યુવકનું મોત નીપજ્યું છે. પોલીસની હાજરીમાં યુવક ટેરેસ પર કેવી રીતે પહોંચો એને લઈને પણ સવાલો ઊભા થયા છે. ફરિયાદ કરવા આવેલો યુવક ટેરેસ પરથી કૂદીને આપઘાત કરતાં અનેક સવાલો ઊભા થયા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, આપઘાત કરનાર યુવકની ઉંમર 35થી 40 વર્ષ જેટલી લાગી રહી છે. આજે (24 નવેમ્બર) પોલીસ સ્ટેશન પર કોઈ રજૂઆત કરવા અથવા ફરિયાદ કરવા આવ્યો હતો. ત્યાર બાદ અચાનક જ ટેરેસ પર પહોંચી ગયો હતો અને ત્યાંથી કૂદી ગયો હતો. ઘટના અંગેની જાણ થતાં પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો અને યુવકની તપાસ કરતાં તેનું મોત થઈ ચૂક્યું હતું.

યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સ્મિમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ સાથે જ લિંબાયત પોલીસ દ્વારા યુવકની ઓળખ સહિત તેના પરિવાર સુધી પહોંચવાની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી છે. પરિવાર સહિતની વિગત આવ્યા બાદ વધુ માહિતી સામે આવશે.

પોલીસ સ્ટેશનમાં યુવકના આપઘાતના પગલે લિંબાયત પોલીસની કામગીરી પર પણ સવાલ ઊભા થઈ રહ્યા છે. પોલીસની હાજરીમાં આ યુવક ટેરેસ પર કઈ રીતે પહોંચી ગયો એ એક મોટો સવાલ છે. હાલ તો એસીપી ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ પોલીસ સ્ટેશને દોડી ગયા છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

એસીપી વી.એમ. જાડેજાએ જણાવ્યું હતું કે સવારના લગભગ 9.30ની આસપાસ એક અજાણ્યો ઈસમ લિંબાયત પોલીસ સ્ટેશન ખાતે આવેલો અને પી.એસ.ઓ. પાસે આવી અને બધી વાતો કરતો હતો, જેના પરથી એ માનસિક અસ્થિર હોય એવું જણાતું હતું. એ બાદ એકવાર નીચે ઊતરે છે, ફરીવાર આવે છે અને બેસીને કહે છે મારે ફરિયાદ કરવી છે. એટલે શું ફરિયાદ કરવી છે છે એ તેની વાતો પરથી કંઈ સ્પષ્ટ નહોતું થતું. પછી હું બાથરૂમ કરવા જઉં છું એમ કરીને બાથરૂમ તરફ આવે છે અને દરમિયાન અહીં ઉપર જે પતરાનું કામ ચાલુ હોય છે, એટલે ટેરેસનો દરવાજો ખુલ્લો હતો. એટલે એ દાદરા ચડીને ઉપર જાય છે એટલે પોલીસને ખ્યાલ આવે છે કે આ ઉપર ગયો છે અને તેની પાછળ દોડે છે. એ દરમિયાન એ જે ટેરેસની પાળી છે, એના ઉપરથી જંપ મારીને નીચે કૂદી પડે છે. એટલે સ્થળ ઉપર જ તેનું મૃત્યુ નીપજે છે, તેથી પોલીસે હાલ અકસ્માત મોત દાખલ કરીને આગળની તપાસ ચાલુ છે.

એસીપી વી.એમ.જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે યુવક કોણ છે અને ક્યાંનો રહેવાસી છે, એની તપાસ કરવામાં આવી રહી છે. યુવક પાસેથી કોઈ મોબાઈલ ફોન કે ઓળખના પુરાવા મળ્યા નથી. પોલીસ સ્ટેશનમાં યુવકની વાતચીત અને વર્તન પરથી તે માનસિક અસ્થિર હોય એવું પ્રાથમિક દૃષ્ટિએ જણાઈ આવે છે. યુવકે કયા કારણસર આ આપઘાત કર્યો છે એ જાણવા માટે પોલીસે તપાસ શરૂ કરી છે. યુવકની ઓળખ મેળવવા માટે પોલીસની અલગ અલગ ટીમો કામે લાગી છે અને સાંજ સુધીમાં યુવકની ઓળખ મેળવ્યા બાદ આપઘાત પાછળનું સચોટ કારણ જાણી શકાશે. યુવક કોણ છે, ક્યાંનો રહેવાસી છે એની તપાસ કરવામાં આવી રહી છે. યુવકે આપઘાત કયા કારણોસર કર્યો એ કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

# તસ્કરો બાકોરું પાડીને જ્વેલર્સની દુકાનમાં ત્રાટક્યા

## સુરતમાં પર્વત પાટિયા પાસેના ભાવના જ્વેલર્સમાં લાખોની ચોરી, બાજુનો દુકાનદાર શંકાના દાયરામાં






**સુરત, તા.24**

સુરતના પુણા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પર્વત પાટિયા વિસ્તારમાં મોડી રાત્રે એક ચોંકાવનારી ચોરીની ઘટના સામે આવી છે, જેમાં બે જેટલી દુકાનોની દીવાલમાં બાકોરું પડીને 'ભાવના જ્વેલર્સ'માંથી સોના-ચાંદીના ઘરેણાંની મોટી ચોરી કરવામાં આવી છે. જેમાં જ્વેલર્સ શોપના માલિકે બાજુની દુકાનદારો પર શંકા વ્યક્ત કરી છે. આ ઘટનાએ નાઈટ પેટ્રોલિંગ કરતી પુણા પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

ચોરે ખૂબ જ આયોજનબદ્ધ રીતે આ ઘટનાને અંજામ આપ્યો હતો. જ્વેલર્સની દુકાનમાં સીધો પ્રવેશ કરવાને બદલે, તેઓએ બાજુની દુકાનોનો સહારો લીધો હતો. ચોર શખ્સોએ સૌપ્રથમ નાગનેશી જેન્ટ્સ વેર (કપડાની દુકાન)માં પ્રવેશ કર્યો હતો. કપડાની દુકાનની દીવાલમાં બાકોરું પાડ્યું અને બાજુમાં આવેલી ફૂટવેરની (શૂઝની) દુકાનમાં પ્રવેશ કર્યો હતો. ફૂટવેરની દુકાનમાંથી પણ આશરે બેથી અઢી ફૂટ જેટલું મોટું બાકોરું પાડીને ચોર ઈસમ જ્વેલર્સની દુકાનમાં ઘૂસ્યો હતો. ચોર જ્વેલર્સની દુકાનમાં રહેલા બાથરૂમ વાટે પ્રવેશ્યો હોવાનું જાણવા મળ્યું છે.

જ્વેલર્સની દુકાનમાં પ્રવેશ્યા બાદ ચોર શખ્સે દુકાનમાં રાખેલી તિજોરીને તોડવાનો પ્રયાસ કર્યો હતો અને દુકાનની અંદર રાખેલા સોના-ચાંદીના કીમતી ઘરેણાંની ચોરી કરી હતી. ચોરીનો ચોક્કસ આંકડો હજુ સુધી જાણી શકાયો નથી, પરંતુ તે મોટો હોવાની આશંકા છે.

ચોર શખ્સ દુકાનમાં પ્રવેશ કરતી વખતે સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો, જેમાં તે મોઢે રૂમાલ બાંધેલો જોવા મળે છે. જોકે, દુકાનમાં પ્રવેશ કર્યા બાદ ચોર દ્વારા સીસીટીવી કેમેરા પણ બંધ કરી દેવાયા હતા, જે સૂચવે છે કે ચોર જાણભેદુ હોઈ શકે છે.

ચોરીની આ સમગ્ર ઘટનામાં જ્વેલર્સની બાજુમાં આવેલ શૂઝ અને જેન્ટ્સ વેરના દુકાનદારો શંકાના દાયરામાં છે, વહેલી સવારે જ્યારે વેપારીને ચોરીની જાણ થઈ, ત્યારે તાત્કાલિક પુણા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે અને સીસીટીવી ફૂટેજના આધારે ચોર શખ્સોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ભાવના જ્વેલર્સના માલિક હેમરામ ચૌધરીએ જણાવ્યું હતું કે, મારી દુકાન પરવટ પાટિયા પર આવેલી છે. સવારે મેં 9 વાગ્યે દુકાન ખોલી, ત્યારે માલુમ પડ્યું કે લોકર તૂટેલું હતું. બાથરૂમની અંદરથી આવેલો માણસ હોય તેવું લાગી રહ્યું છે. બાજુમાં કપડાની દુકાન છે. કપડાની દુકાનમાંથી એન્ટ્રી કરી છે, અને પછી બાજુમાં ચપ્પલની દુકાન છે, ત્યાંથી પ્રવેશ કરીને મારી દુકાનની અંદર આવ્યો છે. એક માણસ આરામથી આવી શકે એટલી જગ્યામાં હોલ કરેલી છે. જ્યારે સ્ટોક લઈશું ત્યારે ખબર પડશે કે કેટલી ચોરી થઈ છે.

# 'રાઈઝીંગ રાજકોટ'માં આઝાદી પૂર્વેથી મોર્ડન સિટી સુધીની ઝાંખી

### PM સાથે અટલ સરોવરમાં AI ફોટો, વર્કિંગ વુમન હોસ્ટેલનો 3D નજારો, 6 આર્ટ ગેલેરીમાં 400 વર્ષની ઐતિહાસિક સફર




**રાજકોટ, તા.24**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સની આર્ટ ગેલેરી ખાતે રાજકોટ શહેરની વિકાસ યાત્રા અંતર્ગત 'રાઈઝીંગ રાજકોટ' પ્રદર્શન ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખુલ્લું મૂક્યું હતું. જેમાં 'રાજકોટની કલ આજ ઔર કલ' એટલે કે રાજકોટનો ભવ્ય ભૂતકાળ, જાજરમાન વર્તમાન કાળ અને ઉજ્જવળ ભવિષ્ય દર્શાવતી અનેક તસવીરો અને પ્રતિકૃતિઓ મુકવામાં આવી છે. 400 વર્ષની ઐતિહાસિક સફરના સાક્ષી રહેલા રાજકોટની આ વિકાસ યાત્રા અને પ્રગતીની ઝલક બતાવતા પ્રદર્શનમાં 6 ગેલેરીમાં રાજકોટ શહેરનો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના વિકાસના રોડમેપથી માહિતગાર થઈ શકાય છે. એટલું જ નહીં આ પ્રદર્શનમાં વડાપ્રધાન મોદી સાથે અટલ સરોવરમાં ફોટો પડાવવો તેમજ સ્માર્ટ સિટીમાં નિર્માણ પામનાર વર્કિંગ વુમન હોસ્ટેલનો 3D નઝારો અને આઝાદી પૂર્વેના દુર્લભ ફોટાઓ પણ જોવા મળે છે.

'રાઈઝીંગ રાજકોટ' પ્રદર્શન માણવા આવેલા શીતલબેન મહેતાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, અહીં રાજકોટનો 20 વર્ષ અગાઉનો ઈતિહાસ કેવો હતો તેની દુર્લભ તસવીરો જોવા મળી છે. આ તસવીરોની ગોઠવણ ખૂબ સરસ રીતે કરવામાં આવી છે. તેમજ AI દ્વારા દરેક વ્યક્તિ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોટો પડાવી શકે છે. જેમાં મારા ભાઈનો ફોટો અટલ સરોવરનાં લોકેશન પર પડાવ્યો હતો. આ સુવિધા ખરેખર અદ્ભૂત છે. એટલું જ નહીં ન્યુ રાજકોટનાં સ્માર્ટ સિટીમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનવા જઈ રહી છે. આ હોસ્ટેલ કેવી હશે તેને 3D તરીકે જોઈ શકાય છે. આરામદાયક ખુરશી પર બેસીને જેમ કોઈ 3D મુવી જોતા હોઈએ તેમ આંખ ઉપર ડિવાઈસ લગાવીને આ હોસ્ટેલનું મોડલ બતાવવામાં આવે છે, જે ખરેખર અકલ્પનીય છે. વધુમાં વધુ લોકો અહીં આવે અને રાજકોટનો ઈતિહાસ તેમજ ભવિષ્યમાં અહીં જે નવી સુવિધાઓ મળવાની છે તેની ઝલક નિહાળે તેવી મારી અપીલ છે.

એક જમાનો હતો કે, જ્યારે રાજકોટ અને સૌરાષ્ટ્ર પણ જળ કટોકટીગ્રસ્ત પ્રાંત તરીકે ઓળખાતા હતાં. જેમ બેન્કની કેશ વાનને ચોકીની જરૂર પડે એમ રાજકોટમાં પાણીના ટેન્કરને ચોકીની જરૂર પડતી હતી. અરે, એ સમય પણ હતો કે, જ્યારે ટ્રેન મારફતે રાજકોટ શહેરની જનતાને પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું હતું. હવે આજના સમયની વાત કરીએ તો ચોમાસામાં વરસાદ ઓછો થયો હોય તો પણ રાજકોટ શહેરના લોકોને નિયમિતરીતે પાણી મળે રહે છે અને એ શક્ય બન્યુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરદેશીપૂર્ણ યોજનાથી, આ યોજના મારફત પહોંચતા થયેલા નર્મદા નીરના પરિણામે રાજકોટની જળ કટોકટી ભૂતકાળ બની ગઈ છે. ભૂતકાળની આ જળકટોકટી અને બાદમાં છેલ્લા 20 વર્ષમાં જળ વ્યવસ્થાપન ક્ષેત્રે આવેલા પરિવર્તન તેમજ રાજકોટના ઔદ્યોગિક વિકાસ વિશે જાણકારી પણ આ પ્રદર્શનમાં આપવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટ અને રૂડા દ્વારા બનનાર રિંગ રોડ-2નો પ્રોજેક્ટ શહેરના તથા આજુબાજુના વિસ્તારોના વિકાસ માટેનો "એક્સપ્રેસ વે" સમાન બની રહેવાનો છે. આ પ્રોજેકટની તસવીરો અને કટઆઉટ સાથે માહિતી અહીં આપવામાં આવી છે. વિશેષમાં આ ગેલેરી રાજકોટ મહાપાલિકાની નવી અર્બન પોલિસી વિશે મુલાકાતીઓને માહિતગાર કરે છે. રાજકોટ મહાપાલિકા દ્વારા શહેરી વિકાસ વર્ષ-2025ની ઉજવણી અંતર્ગત અનેકવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ સૂચવવામાં આવ્યા છે. જેને પણ જુદા-જુદા કુલ 6 પિલરમાં વિભાજીત કરવામાં આવ્યા છે. ગેલેરી નં.6 માં તેની વિસ્તૃત માહિતી દર્શાવવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# પ્રદર્શન : સાંસ લેને કા હક માંગતે, નહીં કીસી સે ભીખ માંગતે

## દિલ્હીમાં વધતા પ્રદૂષણ મામલે પ્રદર્શન, ઈન્ડિયા ગેટ પર નક્સલવાદી હિડમાના પોસ્ટર લહેરાવાયા

**નવી દિલ્હી, તા.24**

રવિવારે મોડી સાંજે દિલ્હીના ઈન્ડિયા ગેટ પર પ્રદૂષણ સામે વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોએ દેશના મોસ્ટ વોન્ટેડ નક્સલવાદી કમાન્ડર માધવી હિડમા (44) ના પોસ્ટર લહેરાવ્યા હતા. પોસ્ટરોમાં હિડમાની સરખામણી આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડા સાથે કરવામાં આવી હતી. તેને પાણી, જંગલો અને જમીનના રક્ષક તરીકે વર્ણવવામાં આવ્યા હતા.





પ્રદર્શનકારીઓએ 'માડવી હિડમા અમર રહો' જેવા નારા લગાવ્યા. તેમની પાસે 'માડવી હિડમાને લાલ સલામ' જેવા નારા લખેલા પોસ્ટરો પણ હતા. એક પ્રદર્શનકારીના પોસ્ટરમાં લખ્યું હતું, 'બિરસા મુંડાથી માડવી હિડમા સુધી, આપણા જંગલો અને પર્યાવરણ માટેનો સંઘર્ષ ચાલુ રહેશે.'

પ્રદર્શન દરમિયાન, ભીડે પોલીસ સાથે ઝપાઝપી કરી. પ્રદર્શનકારીઓએ પોલીસ પર પેપર સ્પ્રે કર્યો, જેમાં ત્રણ-ચાર પોલીસકર્મીઓ ઘાયલ થયા. સોમવારે, દિલ્હી પોલીસે પેપર સ્પ્રે કરનારા અધિકારીઓ અને રસ્તાને અવરોધિત કરવા બદલ 15 લોકોની ધરપકડ કરી. તેમની સામે FIR દાખલ કરવામાં આવી છે.

1 કરોડ રૂપિયાનું ઈનામ ધરાવતો નક્સલી હિડમા 18 નવેમ્બરના રોજ આંધ્રપ્રદેશના એલુરુ સીતારામ રાજુ જિલ્લામાં સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. તે અઢી દાયકાથી છત્તીસગઢના બસ્તરમાં એક્ટિવ હતો. તે 26 મોટા હુમલાઓનો માસ્ટરમાઈન્ડ હતો.

છત્તીસગઢ-આંધ્રપ્રદેશ સરહદ પર મરેડમિલ્લી જંગલમાં થયેલા એન્કાઉન્ટરમાં માધવી હિડમા માર્યો ગયો હતો. તેની પત્ની રાજે ઉર્ફે રજક્કા અને અન્ય ચાર નક્સલીઓ પણ માર્યા ગયા હતા.

ન્યૂઝ એજન્સી ANI અનુસાર, ગૃહમંત્રી અમિત શાહે હિડમાને ખતમ કરવા માટે સુરક્ષા દળોને 30 નવેમ્બરની ડેડલાઈન આપી હતી. ત્યારબાદ, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણાની સરહદ પર સ્થિત મરેડમિલ્લી ગાઢ જંગલોમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ડેડલાઈનના 12 દિવસ પહેલા, આ ઓપરેશનમાં હિડમા માર્યો ગયો હતો.

હિડમા 2010ના દાંતેવાડા હુમલામાં સામેલ હતો, જેમાં 76 CRPF જવાનો શહીદ થયા હતા. તેણે 2013ના ઝીરમ ઘાટી હુમલો અને 2021ના સુકમા-બીજાપુર હુમલામાં પણ સામેલ હતો.

દિલ્હી પોલીસ ના એક અધિકારીના જ ણાવ્યા અનુસાર, રવિવારે સી- હેક્સાગોન નજીક વિરોધીઓ એકઠા થયા હતા, જેના કારણે એ મ્બ્યુ લન્સ અને મેડિકલ કર્મચારીઓને માર્ગ પરથી પસાર થવામાં મુ શ્કેલીઓ પડતી હતી. જ્યારે પોલીસે તેમને વિખેરવાનો પ્રયાસ કર્યો, ત્યારે પરિસ્થિતિ વધુ વણસી ગઈ અને ઝપાઝપી થઈ ગઈ. કેટલાક પ્રદર્શનકારીઓએ પોલીસ અધિકારીઓ પર પેપર સ્પ્રે કર્યો. નવી દિલ્હીના ડેપ્યુટી કમિશનર દેવેશ કુમાર મહલાએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું કે આ પહેલી વાર હતું જ્યારે પ્રદર્શનકારીઓએ ટ્રાફિક અને કાયદો અને વ્યવસ્થાના અધિકારીઓ પર પેપર સ્પ્રેનો ઉપયોગ કર્યો હતો. ઘાયલ પોલીસ અધિકારીઓની સારવાર આરએમએલ હોસ્પિટલમાં કરવામાં આવી રહી છે.

દિલ્હી કોઓર્ડિનેશન કમિટી ફોર ક્લીન એરએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે શહેરની બગડતી હવાની ગુણવત્તા લોકોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમી બની ગઈ છે. સરકાર પ્રદૂષણના મૂળ કારણોને દૂર કરવામાં નિષ્ફળ ગઈ છે.

સમિતિએ આરોપ લગાવ્યો હતો કે પ્રદૂષણને રોકવા માટે લાંબા ગાળાના ઉકેલો શોધવાને બદલે, સરકાર એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) સ્ટેશનો નજીક પાણીનો છંટકાવ, ક્લાઉડ સીડિંગ અને છંટકાવ જેવી પદ્ધતિઓ અપનાવી રહી છે.

દિલ્હી-NCRમાં પ્રદૂષણ સતત વધી રહ્યું છે. 20 નવેમ્બરના રોજ દિલ્હીનો એક ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 506 હતો, જે જોખમી કેટેગરીમાં આવે છે. વિશ્વભરમાં વાયુ પ્રદૂષણને માપતી આંતરરાષ્ટ્રીય સંસ્થા IQ Air દ્વારા લાઈવ રેન્કિંગમાં, 20 નવેમ્બરના રોજ દિલ્હીને વિશ્વના સૌથી પ્રદૂષિત શહેર તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું. અહેવાલ મુજબ, દક્ષિણ એશિયાના ઘણા મોટા શહેરો ગંભીર વાયુ પ્રદૂષણનો સામનો કરી રહ્યા છે. દિલ્હીની સાથે, બે અન્ય મુખ્ય ભારતીય મહાનગરો, કોલકાતા (AQI 211) અને મુંબઈ (AQI 160, નવમું), પણ ટોપ-10 સૌથી પ્રદૂષિત શહેરોમાં સામેલ છે. વધતા જતા પ્રદૂષણની અસરો લોકોના સ્વાસ્થ્ય પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. હોસ્પિટલોમાં શ્વસન દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. નિષ્ણાતો કહે છે કે 500 થી ઉપરના AQI સ્તરના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી અસ્થમા, બ્રોન્કાઈટિસ, ફેફસાના ચેપ અને હૃદય રોગનું જોખમ વધે છે.

# પાકિસ્તાની સેના પર બે આત્મઘાતી હુમલા : હુમલાખોરો હેડક્વાર્ટરમાં ઘૂસ્યા, 3 કમાન્ડોની હત્યા કરી

- **જવાબી કાર્યવાહીમાં 3 હુમલાખોરો માર્યા ગયા, TTP પર આરોપ**

**ઈસ્લામાબાદ, તા.24**

પાકિસ્તાનના પેશાવરમાં ફ્રન્ટિયર કોન્સ્ટેબ્યુલરી (FC) મુખ્યાલય પર થયેલા બે આત્મઘાતી હુમલામાં ત્રણ કમાન્ડો અને ત્રણ હુમલાખોરો સહિત છ લોકો માર્યા ગયા અને અનેક લોકો ઘાયલ થયા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલાખોરોએ ગોળીબાર અને આત્મઘાતી બોમ્બ વિસ્ફોટો દ્વારા ઓફિસને ટાર્ગેટ કરી હતી, જેના કારણે મોટા પાયે સુરક્ષા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હુમલો સવારે 8 વાગ્યાની આસપાસ શરૂ થયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે અર્ધલશ્કરી દળના મુખ્ય દરવાજા પર બે વિસ્ફોટ થયા હતા. ત્યારબાદ તરત જ સશસ્ત્ર હુમલાખોરો ઈમારતમાં ઘૂસી ગયા અને સુરક્ષા કર્મચારીઓ સાથે ભીષણ ગોળીબાર શરૂ કર્યો. એફસી કમાન્ડો અને પોલીસે કેમ્પસની અંદર ત્રણ હુમલાખોરોને ઠાર માર્યા હતા.

પાકિસ્તાન સેનાએ ભારતીય પ્રોક્સી ફિત્ના-ઉલ-ખ્વારીજ પર આરોપ લગાવ્યો છે, જે પાકિસ્તાન તાલિબાન (TTP) ના લડવૈયાઓનું વર્ણન કરવા માટે વપરાતો શબ્દ છે, જે આ હુમલા માટે જવાબદાર છે.

એફસી એ પાકિસ્તાનનું એક નાગરિક લશ્કરી દળ છે, જેનું મુખ્ય મથક ગીચ વિસ્તારમાં અને લશ્કરી છાવણીની નજીક આવેલું છે.

એક અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે સેના અને પોલીસે વિસ્તારને ઘેરી લીધો છે અને પરિસ્થિતિને નિયંત્રિત કરી રહ્યા છે કારણ કે અમને શંકા છે કે મુખ્યાલયની અંદર કેટલાક હુમલાખોરો છે. હુમલા પછી તરત જ સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો સામે આવ્યા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે એફસી ચોક મુખ્ય સદર ખાતે વિસ્ફોટો સંભળાયા હતા. પાકિસ્તાનમાં તાજેતરના મહિનાઓમાં આતંકવાદી ઘટનાઓમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે, ખાસ કરીને ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં. સપ્ટેમ્બરમાં, ખૈબર પખ્તુનખ્વાના બન્નુ જિલ્લામાં એફસી મુખ્યાલય પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેમાં છ સૈનિકો અને પાંચ હુમલાખોરોના મોત થયા હતા.

# મોદી આજે રામમંદિર પર અમદાવાદમાં બનેલી ધજા ફરકાવશે

## અયોધ્યાને 1000 ક્વિન્ટલ ફૂલોથી શણગારવામાં આવ્યુ, હેલિકોપ્ટરથી દેખરેખ, NSG- ATSના કમાન્ડો તહેનાત

**અયોધ્યા, તા.24**

અયોધ્યા રામ મંદિર માટે બનાવાયેલ ધર્મધ્વજ (ધજા) જન્મભૂમિ પર પહોંચી ગયો છે. આ ધજા ગુજરાતના અમદાવાદના 6 કારીગરો દ્વારા 25 દિવસમાં બનાવવામાં આવ્યો હતો. પીએમ મોદી 25 નવેમ્બરના રોજ સમારોહ દરમિયાન રામ મંદિરના 191 ફૂટ ઊંચા શિખર પર પ્રથમ વખત ધજા ફરકાવશે.



પીએમ મોદી અયોધ્યામાં આશરે 1,100 મીટર લાંબા રોડ શો કરશે. સાત સ્થળોએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે બપોરે સમારોહની તૈયારીઓની સમીક્ષા કરવા માટે પહોંચશે. RSS વડા મોહન ભાગવત પણ આજે બપોરે અયોધ્યા આવી રહ્યા છે. હનુમાનગઢીના મહંત રાજુદાસે કથાકાર દેવકીનંદનનું ગદાથી સ્વાગત કર્યું હતું.

અયોધ્યામાં રામ મંદિર ઉપર ધર્મધ્વજ ફરકાવવાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. અયોધ્યાને 1000 ક્વિન્ટલ ફૂલોથી શણગારવામાં આવી રહ્યું છે. રસ્તાઓ બેનરો અને રોશનીથી શણગારવામાં આવી રહ્યા છે. મ્યુનિસિપલ ટીમો મંદિરની આસપાસના વિસ્તારમાંથી શેરી કૂતરાઓ અને રખડતા પશુઓને પકડી રહી છે. આજે સવારે 20 સ્ટ્રીટ ડોગ પકડાયા હતા. ATSકમાન્ડો અને CRPFના જવાનોએ રામ જન્મભૂમિ અને આસપાસના વિસ્તારને ઘેરી લીધો છે. રામ મંદિર માટે પાંચ લેયરની સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં SPG (સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ), NSG કમાન્ડો અને ATSનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) અને PAC પણ સુરક્ષામાં સામેલ છે. યુપી પોલીસની સાથે સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સ (SSF) ની સંપૂર્ણ ટીમ પણ તહેનાત છે. કમાન્ડો દરેક હિલચાલ પર નજર રાખી રહ્યા છે.

આ સમારોહમાં રામ મંદિરના નિર્માણ માટે 2 કરોડ રૂપિયાથી વધુનું દાન આપનારા 100 દાતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. લખનઉ, અયોધ્યા અને આસપાસના 25 જિલ્લાઓના લોકો અને ખેડૂતો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. સમારોહમાં શંકરાચાર્યોને આમંત્રણ આપવામાં આવ્યું નથી.

અમદાવાદના કારીગરો દ્વારા બનાવવામાં આવેલ રામ મંદિરમાં ફરકાવવામાં આવનાર ધજા અનેક રીતે અનોખી છે. આ ધજા ખાસ નાયલોન પેરાશૂટ ફેબ્રિકમાંથી બનાવવામાં આવી છે જે તેને સૂર્ય, વરસાદ અને ભારે પવનથી રક્ષણ આપશે. ભેજ અને તાપમાનની અસરો ઘટાડવા માટે તેમાં ડબલ-કોટેડ સિન્થેટિક સ્તર છે. ધજામાં સૂર્યવંશ, ઓમ અને કોવિદાર વૃક્ષના પ્રતીકો છે.

# બદ્રીનાથમાં પારો માઈનસ 16 ડિગ્રી, ધોધ થીજી ગયો: હરિયાણાના 11 શહેરોમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે

**નવી દિલ્હી, તા.24**

ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી શરૂ થઈ ગઈ છે. રવિવારે હરિયાણામાં હિસાર સૌથી ઠંડુ સ્થળ હતું, જ્યાં તાપમાન 7.4 ડિગ્રી નોંધાયું હતું. અહીં રાત્રિનું તાપમાન સામાન્ય કરતાં 3.4 ડિગ્રી નીચે ગયું હતું. રાજ્યના 11 શહેરોમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે નોંધાયું હતું.





મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં લોકોને ઠંડીથી રાહત મળી. રવિવારે બંને રાજ્યોના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન 10 ડિગ્રીથી વધુ નોંધાયું. હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસ માટે મધ્યપ્રદેશ અને રાજસ્થાન માટે કોલ્ડવેવનું એલર્ટ જારી કર્યું નથી.

રવિવારે ઉત્તરાખંડના બદ્રીનાથ મંદિરમાં તાપમાન માઈનસ 16 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. ઈન્દ્રધારા ધોધનું પાણી થીજી ગયું હતું. ઠંડા પવનોને કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. આ દરમિયાન, બિહારમાં, તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યું છે અને ઠંડી વધી રહી છે. પટણા, ખગરિયા, ગોપાલગંજ, સારણ અને બેગુસરાય સહિત તમામ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે થી ત્રણ દિવસમાં બિહારમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રીનો ઘટાડો થશે, જેનાથી ઠંડીમાં વધારો થશે. કિશનગંજમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 12.3 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

મધ્યપ્રદેશમાં ઠંડીમાં ઘટાડો થયો છે. રવિવારે રાત્રે રાજ્યના ઘણા ભાગોમાં તાપમાનમાં 1 થી 2.5 ડિગ્રીનો વધારો જોવા મળ્યો હતો. રવિવારે ભોપાલમાં લઘુત્તમ તાપમાન 9.4 ડિગ્રી હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં કોઈ કોલ્ડવેવનું એલર્ટ નથી. જ્યારે પારામાં વધઘટ ચાલુ રહી શકે છે, ત્યારે તીવ્ર ઠંડી ચાલુ રહેશે. હાલ પૂરતું આમાંથી રાહત મળશે.

રાજસ્થાનમાં રાત્રિના તાપમાનમાં વધારો થયો છે. રવિવારે, 6 શહેરો સિવાયના તમામ શહેરોનું લઘુત્તમ તાપમાન 10 ડિગ્રી કે તેથી વધુ નોંધાયું હતું. કેટલાક જિલ્લાઓમાં ધુમ્મસ છવાયું હતું. હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસ સુધી તાપમાનમાં કોઈ વધઘટ નહીં થવાની આગાહી કરી છે. ફતેહપુરમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું તાપમાન 7.1 ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા અઠવાડિયામાં અહીં તાપમાન લગભગ બે ડિગ્રી વધ્યું છે.

સોમવારે ઉત્તરાખંડના ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષા થવાની સંભાવના છે. મહત્તમ તાપમાન 25 ડિગ્રી રહેવાની સંભાવના છે, જ્યારે લઘુત્તમ તાપમાન 8 ડિગ્રી રહેવાની સંભાવના છે. રવિવારે બદ્રીનાથમાં લઘુત્તમ તાપમાન માઈનસ 16 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. ત્યાં નદીઓ અને ધોધ થીજી ગયા છે. હરિદ્વાર અને ઉધમ સિંહ નગરના નીચાણવાળા વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું.

બિહારમાં તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યું છે અને ઠંડી વધી રહી છે. સવારથી પટણા અને ખગરિયા સહિત તમામ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે થી ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રીનો ઘટાડો થશે. હાલમાં, દિવસ દરમિયાન સૂર્યપ્રકાશને કારણે લોકોને ઠંડીથી રાહત મળી રહી છે. જોકે, 27-28 નવેમ્બર પછી, સૂર્યપ્રકાશ સાથે પણ હળવી ઠંડીનો અનુભવ થવા લાગશે.

છેલ્લા ત્રણથી ચાર દિવસમાં, છત્તીસગઢના લગભગ તમામ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં 1 થી 2 ડિગ્રીનો વધારો થયો છે. રાયપુરમાં, તાપમાન 13C થી વધીને આશરે 16.4C થયું છે. દુર્ગમાં, છેલ્લા ત્રણ દિવસમાં તાપમાન 10C થી વધીને 14.2C થયું છે. અંબિકાપુરમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું તાપમાન 10.0C નોંધાયું છે.

હરિયાણામાં ઠંડી સતત વધી રહી છે. રવિવારે ૧૧ શહેરોમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે નોંધાયું હતું. હિસાર શહેરમાં સૌથી ઓછું તાપમાન 7.4 ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, લઘુત્તમ તાપમાન ત્રણથી ચાર દિવસ સુધી આ રીતે ઘટતું રહેશે. 27 નવેમ્બરથી ફરી એકવાર વાદળો છવાશે, જેના કારણે દિવસ દરમિયાન ઠંડીમાં વધુ વધારો થશે. આગામી દિવસોમાં રાજ્યમાં લઘુત્તમ તાપમાન 6 થી 9 ડિગ્રી વચ્ચે રહેવાની ધારણા છે.

# કર્ણાટકના CM બદલવા અંગે હાઈકમાન્ડનો નિર્ણય અંતિમ : ખડગે

- **ભાજપે પૂછ્યું- રાષ્ટ્રીય અધ્યક્ષ હાઈકમાન નથી, તો કોણ?**

**ચંદીગઢ, તા.24**

કર્ણાટકમાં મુખ્યમંત્રી પરિવર્તનની અટકળો વચ્ચે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે કહ્યું કે આ મામલે નિર્ણય પાર્ટી હાઈકમાન્ડ લેશે અને તેઓ આ અંગે કંઈ કહેવા માંગતા નથી.

મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સાથે એક કલાકથી વધુ સમયની મુલાકાત બાદ તેમણે આ ટિપ્પણી કરી હતી. મીડિયાના પ્રશ્નોના જવાબમાં ખડગેએ કહ્યું, 'જે પણ થાય, તે હાઈકમાન્ડ નક્કી કરશે. તમારે ચિંતા કરવાની જરૂર નથી.'

ખડગેને મળ્યા બાદ સિદ્ધારમૈયાએ કહ્યું કે તેઓ હાઈકમાન્ડના નિર્ણયનું પાલન કરશે અને દરેકે તે જ કરવું જોઈએ. તેમણે કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તનની ચર્ચાને અટકળો અને મીડિયા ક્રિએશન ગણાવી હતી.

આ દરમિયાન રાજ્યના ગૃહમંત્રી જી. પરમેશ્વરે સંકેત આપ્યો કે જો રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન થાય તો તેઓ મુખ્યમંત્રી પદની રેસમાં છે. જોકે, મુખ્યમંત્રી પરિવર્તનના મુદ્દા પર હાઈકમાન્ડ સાથે ચર્ચા કરવામાં આવી ન હતી, ન તો કોંગ્રેસ વિધાનસભા પક્ષમાં તેની ચર્ચા કરવામાં આવી હતી.

આ દરમિયાન ભાજપના ધારાસભ્ય સુરેશ કુમારે ખડગેના નિવેદન પર X પર લખ્યું - જો કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ હાઈકમાન્ડ નથી, તો કોણ છે?

સિદ્ધારમૈયાના નજીકના ગણાતા મંત્રી એચ.સી. મહાદેવપ્પા અને કે. વેંકટેશ પણ રવિવારે ખડગેને મળ્યા હતા. મહાદેવપ્પાએ કહ્યું હતું કે કર્ણાટકમાં મુખ્યમંત્રી પરિવર્તનની હાલમાં કોઈ શક્યતા નથી, અને જો તે ક્યારેય થશે તો હાઈકમાન્ડ નિર્ણય લેશે.

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે 20 નવેમ્બરના રોજ પોતાનો અઢી વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો. હવે સત્તા સંતુલન અંગે નિવેદનબાજી ચાલુ છે. ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના સમર્થક ગણાતા કેટલાક ધારાસભ્યો ખડગેને મળવા માટે દિલ્હી ગયા હતા. જોકે, શિવકુમારે આવા કોઈ કાર્યક્રમની જાણકારી હોવાનો ઈનકાર કર્યો હતો.



સૂત્રોના જણાવ્યા અનુસાર સિદ્ધારમૈયા મંત્રીમંડળમાં ફેરબદલના પક્ષમાં છે, જ્યારે શિવકુમાર ઈચ્છે છે કે પાર્ટી પહેલા નેતૃત્વ પરિવર્તનનો નિર્ણય લે. પક્ષના સર્કલમાં એવી પણ માન્યતા છે કે જો હાઈકમાન્ડ મંત્રીમંડળ વિસ્તરણને મંજૂરી આપે છે, તો તે સિદ્ધારમૈયાના કાર્યકાળ (પાંચ વર્ષ) ને ચાલુ રાખવાનો સંકેત આપી શકે છે, જેનાથી શિવકુમારના મુખ્યમંત્રી બનવાની શક્યતા ઘટી જશે.

કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે 21 નવેમ્બરના રોજ તેમના સીએમ પદ અંગેની અટકળોને ફગાવી દીધી હતી. શિવકુમારે શુક્રવારે X પર પોસ્ટ કરી હતી કે સીએમ સિદ્ધારમૈયા તેમનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે. હું તેમને શુભકામનાઓ પાઠવું છું. સીએમ અને મેં બંનેએ વારંવાર કહ્યું છે કે અમે હાઈકમાન્ડનું પાલન કરીએ છીએ.

શિવકુમારના નજીકના ધારાસભ્યો 20 નવેમ્બરના રોજ દિલ્હીમાં હાઈકમાન્ડ સાથે મળ્યા પછી આ ચર્ચા શરૂ થઈ હતી. સમર્થકોએ દાવો કર્યો હતો કે શિવકુમાર આગામી મુખ્યમંત્રી બનવા જોઈએ. જોકે, નાયબ મુખ્યમંત્રીએ કહ્યું, 'બધા ધારાસભ્યો અમારા છે. જૂથવાદ મારા લોહીમાં નથી.'

મુખ્યમંત્રીએ મંત્રીમંડળમાં ફેરબદલ કરવાનો નિર્ણય લીધો. દરેક વ્યક્તિ મંત્રી બનવા માંગે છે, તેથી તેમના માટે દિલ્હીમાં નેતૃત્વ સાથે મુલાકાત કરવી સ્વાભાવિક છે. તે તેમનો અધિકાર છે. અમે તેમને રોકી શકતા નથી.

ડીકે શિવકુમારના નજીકના એક મંત્રી અને કેટલાક ધારાસભ્યો ગુરુવારે કોંગ્રેસના ટોચના નેતાઓ સાથે મુલાકાત કરવા માટે દિલ્હી ગયા હતા. આ મુલાકાત મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના અઢી વર્ષ કાર્યકાળ પૂર્ણ થયા બાદ થઈ હતી.

20 મે, 2023ના રોજ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી, મુખ્યમંત્રી પદ માટે સિદ્ધારમૈયા અને શિવકુમાર વચ્ચે ઉગ્ર સ્પર્ધા થઈ. કોંગ્રેસ પાર્ટી શિવકુમારને મનાવવામાં અને તેમને નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં સફળ રહી. તે સમયે કેટલાક અહેવાલો સૂચવે છે કે રોટેશનલ મુખ્યમંત્રી ફોર્મ્યુલાના આધારે એક કરાર થયો છે, જેના હેઠળ શિવકુમાર અઢી વર્ષ પછી મુખ્યમંત્રી બનશે, પરંતુ પાર્ટીએ સત્તાવાર રીતે આની પુષ્ટિ કરી નથી.

એવું માનવામાં આવે છે કે શિવકુમારના કેટલાક વફાદાર ઈચ્છતા હતા કે તેમના નેતા મુખ્યમંત્રીની ખુરશી પર બેસે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મંત્રી એન. ચાલુવરાયસ્વામી, ધારાસભ્યો ઈકબાલ હુસૈન, એચ.સી. બાલકૃષ્ણ અને એસ.આર. શ્રીનિવાસ ગુરુવારે દિલ્હી જવા રવાના થયા હતા. તેમણે કહ્યું હતું કે શુક્રવારે વધુ 12 ધારાસભ્યો દિલ્હી આવી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે લગભગ 12 ધારાસભ્યોએ થોડા દિવસો પહેલા દિલ્હીમાં ધામા નાખ્યા હતા અને કોંગ્રેસ મહાસચિવ સાથે વાત કરી હતી.

# અલ-ફ્લાહ યુનિવર્સિટીના ડોકટરોના લોકર્સ ચેક થશે

## પોલીસ પ્રોફેસરોની બેંક ડિટેલ એકઠી કરી રહી, ફરીદાબાદની મસ્જિદમાં મળ્યો શંકાસ્પદ પાઉડર

**ફરીદાબાદ, તા.24**

હરિયાણાના ફરીદાબાદમાં ધરપકડ કરાયેલા આતંકવાદી મોડ્યૂલ પાસેથી વિસ્ફોટકો બનાવવાની સામગ્રી મળી હોવાના સંદર્ભમાં એક નવો ખુલાસો થયો છે. આ રસાયણો ફરીદાબાદ, નૂહ અને આસપાસના વિસ્તારોમાંથી ખરીદવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. મોડ્યૂલમાં સામેલ ડોકટરો ખાતરના ઉત્પાદનમાં વપરાતા એમોનિયમ નાઈટ્રેટ જેવા રસાયણોનો સંગ્રહ કરી રહ્યા હતા.



આ પછી હરિયાણા અને જમ્મુ-કાશ્મીર પોલીસે તાત્કાલિક એક મોટી કાર્યવાહી શરૂ કરી. તેઓ ખાતરના સ્ટોર્સ, રાસાયણિક ગોડાઉન, હાર્ડવેરની દુકાનો અને ફેક્ટરીઓનું નિરીક્ષણ કરી રહ્યા છે. પોલીસ દરેક દુકાનદાર દ્વારા ખરીદેલા અને વેચાયેલા માલના જથ્થા, તેમના સ્ટોક રજિસ્ટર રેકોર્ડ અને ખરીદદારોની ઓળખની તપાસ કરી રહી છે. ફરીદાબાદ પોલીસ મસ્જિદો, હોટલ, કોલોની, ધર્મશાળાઓ અને ખાતર અને બીજની દુકાનોમાં તપાસ કરી રહી છે. ડબુઆના ત્યાગી માર્કેટમાં જામા મસ્જિદમાં શંકાસ્પદ પાઉડર મળી આવ્યા બાદ તપાસ એજન્સીઓને એલર્ટ કરવામાં આવી છે. આ પાઉડરના નમૂનાઓના લેબ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

આતંકવાદી મોડ્યૂલમાં અલ-ફ્લાહ યુનિવર્સિટીના ડોકટરો શાહીન સઈદ, મુઝમ્મિલ શકીલ અને ઉમર નબીના નામ બહાર આવ્યા બાદ, પોલીસ હવે યુનિવર્સિટીના તમામ ડોકટરો અને પ્રોફેસરો વિશે માહિતી એકત્રિત કરી રહી છે. યુનિવર્સિટીના તમામ ડોકટરોના લોકર અને બેંક સ્ટેટમેન્ટની પણ તપાસ કરવામાં આવશે. આ લોકોની ધરપકડ કરવામાં આવી છે પોલીસ યુનિવર્સિટીના ઈમામ મોહમ્મદ ઈશ્તિયાકની પણ પૂછપરછ કરી રહી છે, જેમણે ધૌજ ગામના મુઝમ્મિલ, બશીદ અને શોએબ અને પલવલના અસ્વાતીના શબ્બીરને મકાન ભાડે આપ્યું હતું. પોલીસને શંકા છે કે આ બધાના આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવણીના શંકાસ્પદ મુઝમ્મિલ અને દિલ્હી બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયેલા ઉમર નબી સાથે સંબંધો હતા. પોલીસે આત્મઘાતી બોમ્બર આતંકવાદી ડૉ. ઉમર નબીની કાર ચલાવનારા અને તેમના સંપર્કમાં રહેલા ઘણા યુનિવર્સિટી વિદ્યાર્થીઓની પણ અટકાયત કરી છે અને તપાસ શરૂ કરી છે. પોલીસ સર્ચ ઓપરેશન ચાલુ છે હાઈ એલર્ટ જાહેર થયા બાદથી ફરીદાબાદ પોલીસ સતત કોમ્બિંગ અને સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. આ ઓપરેશન ડબુઆ, બીપીટીપી, ખેડી પુલ, આદર્શ નગર, એસજીએમ નગર, ધૌજ, પલ્લા, સરાઈ ખ્વાજા, બલ્લભગઢ શહેર અને સૂરજકુંડ વિસ્તારોમાં હાથ ધરવામાં આવી રહ્યા છે. પોલીસ ધાર્મિક સ્થળો, ભાડાની મિલકતો, વપરાયેલી કાર ખરીદનારા અને વેચનારાઓ, સિમ કાર્ડ ડીલરો, હોટલ અને ધર્મશાળાઓમાં પણ સર્ચ ઓપરેશન ચલાવી રહી છે.

## તંત્રી લેખ

# કોડીનારના BLOએ રાત્રે 2 વાગ્યા સુધી SIR ફોર્મ ચેક કર્યાં ને સવારે પંખે લટકી ગયા

તારીખ 21 નવેમ્બર 2025ના રોજ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલ દેવળી ગામમાં રહેતા શિક્ષક અને ચૂંટણીપ્રક્રિયામાં BLOની કામગીરી કરતા અરવિંદભાઈ વાઢેરે પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી. આ ઘટનાથી રાજ્યના આખા શિક્ષણજગતમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા. આ ઘટના બાદ લોકો ચર્ચા કરતા થયા છે કે SIRની પ્રક્રિયામાં BLOને એવું તો કેવું દબાણ કરવામાં આવતું હશે કે કોઈ આત્મહત્યા કરવા મજબૂર થઈ જાય? આત્મહત્યા કરનાર BLO શિક્ષક અરવિંદભાઈ વાઢેરના ઘરે પહોંચ્યું હતું. પરિવાર કેમ FIR કરવાની ના પાડે છે? પરિવારની શું માગ છે? બનાવ બન્યાની રાત્રે અરવિંદભાઈએ શું કર્યું? કામ માટે તેમને આપવામાં આવતાં દબાણની ઘરમાં કોઈને વાત કરી હતી કે નહીં? આ તમામ સવાલના જવાબ જાણીશું આજના ગ્રાઉન્ડ રિપોર્ટમાં.... ગીર-સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલા દેવળી ગામે પહોંચ્યું તો અહીં બધા લોકો અરવિંદભાઈ વિશે જ વાત કરી રહ્યા હતા. ગામમાં તેમના ઘરે પહોંચ્યા તો ઘરમાં રોકકળ હતી. અરવિંદભાઈની માતાનાં આસું નહોતાં સુકાતાં, પિતા આઘાતમાં સરી પડ્યા છે. અરવિંદભાઈનાં પત્ની સંગીતાબેન તેમના 10 વર્ષના બાળકની સામે જોઈ જોઈને વિચાર કરે છે કે હવે તેઓ જીવન કેમ જીવશે? ઘરમાં પોલીસ પંચનામું કરી રહી હતી. તેમનાં પત્ની અને અન્ય પરિવારજનોનાં નિવેદન લખવામાં આવી રહ્યાં હતાં. ભાસ્કરની ટીમે દુ:ખમાં સરી પડેલા પરિવાર સાથે વાત કરી, જેમાં જાણવા મળ્યું કે એ દિવસે અરવિંદભાઈનાં પત્ની પોતાના નિત્યક્રમ મુજબ સવારે 6:30 વાગ્યાની આસપાસ ઊઠી ગયાં. બાજુમાં જોયું તો તેમના પતિ હાજર નહોતા. તેમને એવું કે કદાચ બાથરૂમ ગયા હશે, પરંતુ બાથરૂમમાં પણ નહોતા અને જેવા જ રૂમની બહાર નીકળીને બાજુના રૂમમાં જોયું તો અરવિંદભાઈ પંખે લટકેલી હાલતમાં હતા. બનાવ બન્યો ત્યારે અરવિંદભાઈનાં માતા-પિતા ઘરની નીચેના રૂમમાં હતાં, ઉપરના રૂમમાં અરવિંદભાઈ તેમનાં પત્ની અને તેમનો 10 વર્ષનો દીકરો હતા. પોતાના પતિને આ હાલતમાં જોઈને અરવિંદભાઈની પત્નીએ તરત બૂમો પાડવા લાગ્યાં, જેથી તેમના સસરા નીચેથી દોડીને ઉપર આવ્યા અને આજુબાજુના લોકો પણ ભેગા થઈ ગયા. તાત્કાલિક 108 બોલાવવામાં આવી, જ્યાં તેમને કોડીનારની સિવિલ હોસ્પિટલ લઈ જવાયા, પરંતુ ત્યાં સુધીમાં તો તેમણે પ્રાણ છોડી દીધા હતા. બનાવ બન્યાના બે કલાક બાદ હોસ્પિટલમાં પોલીસ પણ આવી ગઈ. ઘરના જે રૂમમાં આત્મહત્યા કરી હતી એ રૂમમાંથી તેમની પત્નીને સુસાઈડ નોટ મળી હતી. એ તેમણે પોલીસને આપી દીધી. પરિવાર સાથે વાત કરતાં ઘરના લોકોનું કહેવું છે કે હવે અમારો માણસ પાછો આવવાનો નથી, તો કોઈ અધિકારી પર કાર્યવાહી કરીને શું મતલબ છે, એટલે પરિવારે FIR કરાવવાની પણ ના પાડી દીધી. તેમણે ફક્ત એટલી જ માગ કરી કે તેમને આર્થિક સહાય આપવામાં આવે અને અરવિંદભાઈની જગ્યાએ તેમનાં પત્ની સંગીતાબેનને શિક્ષકની નોકરી આપવામાં આવે એજ સાચો ન્યાય ગણાશે. જો આવું થાય તો તેઓ તેમના જીવનનિર્વાહ કરી શકે અને તેમના બાળકને ભણાવી શકે. કારણ કે હવે પરિવારની બધી જ જવાબદારી સંગીતાબેનના માથે આવી ગઈ છે.

# હજી પણ નાની નાની ભૂલ સુધારીને મનને વિકારિત થતું બચાવી શકાય છે !



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રકૃતિ આપણને અસંખ્ય ફળ આપે છે, અને હકીકતમાં આપણે શું કરવાનું હોય છે, આપણે એ ફળને પ્રસાદ તરીકે ગ્રહણ કરી, તૃપ્તિનો ભાવ મેળવવાનો હોય છે. પરંતુ એ ફળ કેમ,અને કયાં વૈદ્યાનિક સિદ્ધાંત મુજબ ઉત્પન્ન થયું, અથવા ઓર્ગેનિક છે કે પછી ક્યા પ્રદેશનું છે વગેરેની આંટીઘૂંટી માં આપણે અટવાઈ જઈએ છીએ, અને ફળનો સ્વાદ લઈ શકતાં નથી. ટૂંકમાં કહીએ તો સત્ય આપણી સામે હોવા છતાં માનવી ભૂલ કરે છે, એમાં જ જીવનનાં સાર ને પકડી શકતો નથી. તો આજે આપણે કેવી નાની નાની ભૂલો કરી અને પરમ તત્વને માણી શકતા નથી, એ વિશે ચિંતનમાં વાત કરીશું. ભૂલ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો ન કરવા જેવું થઈ જાય, તેને આપણે ભૂલ કહેતા હોઈએ છીએ, અને ભૂલનો એક અર્થ ચૂક થવી અથવા ચૂકી જવું એવું પણ થાય છે. સમયની પાઠશાળા રોજ આપણને કેટકેટલા પાઠ શીખવે છે. છતાં જીવનમાં આપણે વારંવાર ભૂલ કરતા હોઈએ છીએ, અને જુદીજુદી કરીએ તો હજી પણ માંફી છે, પરંતુ આપણે તો એકની એક જ ભૂલ દોહરાવી રહ્યા છીએ. આજે તો માનવીએ ભૂલથી ભરેલું યંત્ર હોય તેમ સતત લાગે છે. શરૂઆતના દસ વર્ષ નિર્દોષતા કે નિખાલસતા ના આપણે કાઢી નાખીએ, હકીકતમાં આજની પેઢીમાં આ 10 વર્ષ પહેલા જ વિકારીત ભાવની પુષ્ટિ થઈ ગઈ છે. છતાં પણ દસ વર્ષ માફીના કાઢીએ, તો વિદ્યાર્થી અવસ્થાથી જ શરૂ થાય છે. એટલે કે કહેવાતી પરીક્ષાઓ કે સ્પર્ધાઓમાં પાસ થવા માટે અહીં નાની મોટી ભૂલ થતી હોય છે, અથવા તો ક્યારેક જાણી જોઈને પણ ભૂલ કરાતી હોય છે. ક્યારેક ચોરી તો, ક્યારેક અન્ય કોઈ પ્રકારે પણ આ પરીક્ષાઓમાં પાસ થવા માટેનો પ્રયત્ન થતાં હોય છે. એટલે કે અંક ગુણની પ્રાપ્તિ માટે ગુણનું ચૂકી જવું, એ વિદ્યાર્થી અવસ્થાની સૌથી પહેલી ભૂલ છે. ચિઠ્ઠી ચપાટી કરે એ તો ભૂલ છે જ, પરંતુ મનમાં વિકાર આવે એટલે કે સ્પર્ધા હોવાથી હું સર્વશ્રેષ્ઠ સાબીત થાવ, અને અન્ય કોઈ પ્રથમ આવે નહીં અથવા તો બીજા બધા પાછળ રહી જાય એવો ભાવ લગભગ બધા વિદ્યાર્થીઓમાં જોવા મળે છે,એ પહેલી ભૂલ.આપણે સૌ કોઈ જાણીએ છીએ કે એક જુઠ છૂપાવવા બીજા સો જૂઠ બોલવા પડે, એમ એક વાર મનમાં વિકાર આવે એટલે પછી ધીરે ધીરે બીજા કેટલાય વિચારો આવતા જાય છે.જેમ શરીરની વૃદ્ધિ છે,એ જ રીતે માનસની પણ વૃદ્ધિ થાય છે, અને એ જો વિકારી થયું હોય તો વિકારોની વૃદ્ધિ થાય, અને ગુણીત થયું હોય તો ગુણોની વૃદ્ધિ થાય, એ એક




સિધુ ગણીત છે. પરિવારની આર્થિક જવાબદારી હોય તો ક્યારેક ન ઈચ્છવા છતાં પણ અહીં ભૂલ થતી જોવા મળે છે, એટલે અત્યાર સુધી ભૂલ રહિત માનસ માં વિકાર આવે છે. કોઈ હજી પણ વિકાર રહિત રહી શક્યું હોય, એટલે કે સારા ગુણ મહેનતથી પ્રાપ્ત થયા હોય, અને ઈશ્વર કૃપા રહી હોય તો સારું આર્થિક વળતર મળે તેવી સર્વિસ કે અન્ય કોઈ વેપારમાં પણ લાગી જાય અને વેપાર જામી પણ જાય. સંજોગોને કારણે ઘણીવાર કોઈ ભૂલ કરી બેસે. આપણે જાણીએ છીએ ઘણીવાર ઘણાં લોકો પોતાના સિદ્ધાંતને છોડતા નથી, અને જે તે જગ્યાએથી રાજીનામું આપતા પણ જોવા મળે છે, અને સત્યના સંકલ્પને વળગી રહે છે. એટલે કે માનસને ભૂલ રહિત રાખી શકે છે, તેને ભ્રષ્ટ થતું અટકાવે છે. પરંતુ ક્યારેક સમય સંજોગ પણ એવી સ્થિતિમાં લાવી દેતા હોય, કે ક્યારેક ભૂલ થવી સંભવ બને છે. છતાં કોઈ હજી વધુ જાગૃત હોય, અને ત્યારે પણ બચી જાય, એટલે કે કઠિન સંજોગોમાં પણ મનને નિર્મળ રાખી શકે તો એ સારી કક્ષા છે, અને એને વંદન કરવા ઘટે. સંસારી જીવનાં જીવનમાં એવી તો કેટલી એ ઘટના ઘટતી હોય છે કે, જે સત્યને ચૂકી જાય છે, અને અસત્યનું જાણે અજાણે આચરણ કરીને માનસ વિકારીત બનાવે છે. એવી જ એક બહુ મોટી ભૂલની વાત કરીએ, તો બે-ચાર સારી ડિગ્રી હાંસલ કરે, કે સારી કલા ઈશ્વરના વરદાન તરીકે પ્રાપ્ત થાય, તો ગઈકાલે નમ્રતાથી જીવતો માનવીમાં આજે અચાનક, હું કંઈક છું અથવા તો હું મહાન છું ની ભાવના રાખી જીવતો જોવા મળે, અને હું કંઈક છું, કે હું મહાન છું, આ બંને ભાવ માણસને વિકારીત કરે છે. હું કંઈક છું એ ભાવમાં સતત અન્ય તુચ્છ છે, એવો ભાવ અદ્રશ્ય રીતે છુપાયેલો હોય છે, જે આપણા વર્તનમાં વિનમ્રતા રાખવા દેતો નથી, અને ત્યાં તોછડાપણું કે તિરસ્કારનો ભાવ જાણે અજાણે પ્રવેશી જાય છે, અને માનસ વિકારીત થાય છે. એટલે ગુરુતાગ્રંથીથી પીડાતો માણસ વારંવાર હું કંઈક છું ની ભૂલ કરતો જોવા મળે છે. જેમ હું કંઈક છું એવો ભાવ માનસને વિકારીત કરે છે, એ જ રીતે હું કંઈ જ નથી, એ ભાવ પણ માનસમાં વિદ્રોહ રૂપે વિકાર પેદા કરે છે. દરેક જગ્યાએથી જ્યારે તિરસ્કાર મળે ત્યારે સ્વાભાવિક પણે જ વિદ્રોહ થાય, વિદ્રોહ એ સાચું, સારું, ખોટું, એવું કંઈ જ જોવા દેતો નથી, અને અહિંસાનો ભાવ પ્રબળ બને છે, હિંસા એ વિકારની અંતિમ અવસ્થા છે. ઘણીવાર આપણે જોતા હોઈએ છીએ કે, કોઈ સંજોગનો શિકાર બનેલો માનવી ગઈકાલ સુધી એકદમ સ્વસ્થ રીતે જીવતો હતો, અને અચાનક એવું શું થયું કે તેણે ખૂન કરી નાખ્યું, કે પછી આત્મહત્યા કરી નાખી,કે પછી કંપનીમાં ફ્રોડ કર્યું, ભ્રષ્ટાચાર કર્યો, લાખો રૂપિયાની ઉઠાંતરી કરીને ચાલ્યો ગયો, એવા તો કેટલાય દાખલાઓ ગણાવી શકાય. દ્યિાર્થી અવસ્થામાં અંક પ્રાપ્ત કરવા અથવા તો સર્વ શ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરવા માટે મનમાં પ્રવેશી ગયેલો નાનો એવો વિકાર ધીરે ધીરે વૃદ્ધિ પામી, અને ક્યાં સુધી પહોંચે છે. ગુણ પ્રાપ્ત કરવા અથવા તો સર્વશ્રેષ્ઠનું બિરુદ પ્રાપ્ત કરવાનો એક સાવ સરળ માર્ગે આપણે ત્યાં બુદ્ધ પુરુષો અને સિદ્ધપુરુષો બતાવી ગયા છે. સમર્થના અસ્તિત્વમાં આપણું નાનું એવું વ્યક્તિત્વ ભેળવી દઈએ, તો આપણે પણ સમર્થ બની શકીએ. હાથીના પગલામાં આપણું નાનું એવું પગલું જુદુ દેખાતું નથી, અને આપણે હાથી જેવું બનવું હોય, એટલે કે વિરાટ વ્યક્તિત્વ બનાવવું હોય, કે સર્વશ્રેષ્ઠ બનવું હોય તો, આ એક અને એક માત્ર ઉપાય છે. અથવા ઈશ્વર નિરાકાર બ્રહ્મ છે, અને હું તેનો એક અંશ છું, અથવા તો હું તેનામાં સમાહિત છું, માટે તે સર્વગુણ મારા પણ છે, અને આ રીતે અનંત ગુણોને અનુભવી શકાય છે, કે આત્મસાત કરી શકાય છે, આ એક અને એક માત્ર ઉપાય અનંત ગુણ પ્રાપ્ત કરવાનો છે. જીવનમાં હું કંઈક છું, અથવા તો મહાન બનવામાં કઈ કેટલા ખેલ આપણે સૌ ખેલી ચૂક્યા છીએ. સંસારી છીએ એટલે જાણે અજાણે કેટલીએ ભૂલો કરી છે, અને વ્યવહારોના દંભ પણ કર્યા છે. સદગુરુ અનંત ગુણ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય, એનો બોધ આપી રહ્યા છે, ત્યારે હવે આ તક ચૂકી જવાની ભૂલ કરીએ નહીં, અને એ અનંત ગુણોના સ્વામી એવા પરમ કૃપાળુ પરમાત્માના અસ્તિત્વમાં આપણું નાનું એવું વ્યક્તિત્વ સામેલ કરી, અને જીવવાનો પ્રયત્ન આપણે સૌ કરી શકીએ, એવી અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# બાવળાના દેવધોલેરા ગામમાં 'પ્રાકૃતિક ખેતી' વિષયક તાલીમ શિબિર સંપન્ન

## ખેડૂતોને રવિ પાકની પૂર્વ તૈયારી અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું



**અમદાવાદ, તા. 24**

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના દેવધોલેરા ગામ ખાતે ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અંગેની એક વિશેષ તાલીમ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં ઉપસ્થિત તજજ્ઞ શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોને આગામી રવિ પાકની પૂર્વ તૈયારી કેવી રીતે કરવી તે અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે જુદા-જુદા રવિ પાક માટે બિયારણના દર, યોગ્ય પિયત પદ્ધતિ અને નિંદામણ નિયંત્રણ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ ઉપરાંત, પ્રાકૃતિક ખેતીના મુખ્ય સ્તંભ સમાન જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત બનાવવાની રીત તેમજ આચ્છાદન અને વાપસા જેવી ટેકનિકલ બાબતોની ખેડૂતોને ઊંડાણપૂર્વક સમજ આપી હતી. કાર્યક્રમના બીજા ચરણમાં ખેડૂતોને ઘરઆંગણે 'કિચન ગાર્ડન' કેવી રીતે તૈયાર કરવું તેની વિશેષ માહિતી આપવામાં આવી હતી. દરેક ખેડૂત પોતાના ખેતર, ઘરના વાડા કે બાલ્કનીમાં ઝેરમુક્ત શાકભાજી ઉગાડીને પોતે આરોગે અને પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા શિયાળામાં થતા વિવિધ 15 પ્રકારના શાકભાજીના બિયારણની કિટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ખેડૂતો દ્વારા પૂછવામાં આવેલ ખેતી વિ આ શિબિરમાં ઉપસ્થિત તજજ્ઞ શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોને આગામી રવિ પાકની પૂર્વ તૈયારી કેવી રીતે કરવી તે અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે જુદા-જુદા રવિ પાક માટે બિયારણના દર, યોગ્ય પિયત પદ્ધતિ અને નિંદામણ નિયંત્રણ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ ઉપરાંત, પ્રાકૃતિક ખેતીના મુખ્ય સ્તંભ સમાન જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત બનાવવાની રીત તેમજ આચ્છાદન અને વાપસા જેવી ટેકનિકલ બાબતોની ખેડૂતોને ઊંડાણપૂર્વક સમજ આપી હતી. કાર્યક્રમના બીજા ચરણમાં ખેડૂતોને ઘરઆંગણે 'કિચન ગાર્ડન' કેવી રીતે તૈયાર કરવું તેની વિશેષ માહિતી આપવામાં આવી હતી. દરેક ખેડૂત પોતાના ખેતર, ઘરના વાડા કે બાલ્કનીમાં ઝેરમુક્ત શાકભાજી ઉગાડીને પોતે આરોગે અને કેવી રીતે તૈયાર કરવું તેની વિશેષ માહિતી આપવામાં આવી હતી. દરેક ખેડૂત પોતાના ખેતર, ઘરના વાડા કે બાલ્કનીમાં ઝેરમુક્ત શાકભાજી ઉગાડીને પોતે આરોગે અને પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા શિયાળામાં થતા વિવિધ 15 પ્રકારના શાકભાજીના બિયારણની કિટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

# જિંદગીમાં ભલે હજારો મતલબી લોકો ભટકાય...પણ એક સાચી લાગણીવાળી વ્યક્તિ મળે એટલે, હિસાબ બરાબર થઈ જાય..!!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે આગળ જોઈએ તો પ્રાતઃ સંધ્યાથી રાત્રિનું પાપ નષ્ટ થાય છે.મધ્યાહનથી સંધ્યા અન્ન જળનો દોષ દૂર કરે છે.ત્રિકાળ સંધ્યામાં સૂર્યનો જપ કરતાંકરતાં જગદંબા ગાયત્રીનું ધ્યાન કરવાનું છે. સંધ્યામાં ગાયત્રીમાતાને આવાહન કરવાનું હોય છે.મા,તમે મારા હૃદયમાં પધારો, મારું રક્ષણ કરો!સંધ્યામાં અઘમર્પણ કરવાનું હોય છે. ધ્યાન કરવાનું હોય છે. ઉત્તમ સંધ્યા-આકાશમાં નક્ષત્રો હોય ત્યારે કરવામાં આવે તે. નક્ષત્ર ન દેખાતું હોય અને સૂર્ય નારાયણ બહાર ન આવ્યા હોય, ત્યારે સંધ્યા કરે તોતે મધ્યમસંધ્યા સૂર્યોદય પછીની તે અધમ સંધ્યા છે.બૃહસ્પતિ વામનજી મહારાજ ને ઉપદેશ આપે છે કે, આજથી મધુકરી માગવાની. મધુકરીના અન્ન માં મધુરતા છે.તે પછી બ્રહ્મચારી ના ધર્મો સંભળાવ્યા.બ્રહ્મચર્યા શ્રમ નષ્ટ થયો ત્યારથી દેશની દુર્દશા થઈ છે. બ્રહ્મચર્યાશ્રમની પરંપરા નષ્ટ થઈ ત્યારથી દેશની દુર્દશા થઈ છે. બ્રહ્મચર્યના પાલન વગર કોઈ મહાન થયો નથી કે થવાનો નથી. બ્રહ્મચારીએ લાકડાની સ્ત્રીને એટલે કે ઢીંગલીને પણ સ્પર્શ કરવો નહીં એવી આજ્ઞા છે. સ્ત્રીના કેશ કે મુખ તરફ જોવાની મના છે. આમાં સ્ત્રીની નિંદા નથી. સ્ત્રીએ પણ સામું તે જ પ્રમાણે વર્તવાનું છે.એટલે એમાં નિંદા માણસના ચંચળતાની છે. પરસ્ત્રી ને માતા ગણવી.

લક્ષ્મણજીએ ચૌદવર્ષના વનવાસમાં સીતાજીનાં ચરણો સિવાય બીજું કાંઈ જોયું ન હતું. તેથી જ્યારે રામચંદ્રજી સીતાજીના દાગીના બતાવી લક્ષ્મણજીને પૂછે છેકે, આદાગીના તું ઓળખે છે?ત્યારે લક્ષ્મણજી કહે છે કે:હું ગળાના હારને કે કાનનાકુંડળને ઓળખતો નથી, ફક્ત પગના ઝાંઝરને ઓળખું છું.કારણ કે પાય વંદન કરતી વખતે નિત્ય તે મારા જોવામાં આવતા.આનું નામ બ્રહ્મચર્ય પાલન!વ્યાસ ભગવાન ભાગવત ની રચના કરતા હતા,ત્યારે શ્લોકો રચી પોતાના શિષ્ય જૈમિની ઋષિ ને તે શ્લોકો વાંચવા આપતા. વાંચતા વાંચતા જૈમિનીના વાંચવા માં આ શ્લોક આવ્યો. તેમાં એવું લખેલું હતું.ઇન્દ્રિયો એટલી બળવાન છે કે,ભલભલા વિદ્વાનો ને ચળાવે છે.જૈમિનીને થયું કે,આ શ્લોક લખવામાં વ્યાસજીની ભૂલ થઈ છે!ઇન્દ્રિયો વિદ્વાનોને ચળાવે છે ને બદલે ચળાવી શકતી નથી એવું લખવું જોઈએ.તેમણે વ્યાસ જીને વાત કરી,ત્યારે વ્યાસજીએ કહ્યુંકે,જે લખેલું છે તે બરાબર છે એક દિવસ એવું બન્યું કે,જૈમિની એ સંધ્યા સમયે એક યુવતીને વૃક્ષ નીચે વરસાદમાં ભીંજાતી ઊભેલી જોઈ.જૈમિનીને દયા આવી.તેમણે સ્ત્રીને કહ્યું, અંદર આવોને!આશ્રમમાં આવીને વિશ્રામ કરો.સ્ત્રીએ કહ્યું કે,પુરુષો લુચ્ચા હોય છે. તેઓનો ભરોસો કેમ કરાય?

જૈમિનીએ કહ્યું,અરે બાઈ,હું કંઈ સાધારણ જોગટો નથી.જૈમિની છું. મારા જેવા તપસ્વી જ્ઞાનીનો ભરોસોનહીં કરો તો કોનો ભરોસો કરશો?જૈમિની તે સ્ત્રીને આશ્રમ ની અંદર આવ્યા. આશ્રમમાં આવ્યા પછી સ્ત્રીએ વસ્ત્રબદલ્યાં ત્યારે જૈમિનીને પૂછ્યું,તમારું લગ્ન થયેલું છે કેમ?સ્ત્રીએ ના પાડી. લાગલી જૈમિની એ તેને પરણવાની દરખાસ્ત મૂકી.યુવતી એ કહ્યું,મારા પિતાએ પ્રતિજ્ઞા લીધી છે કે,જે કોઈ પુરુષ મારો ઘોડો બની તેના ઉપર મને સવારી કરી મને અંબાજી માતાના મંદિરે દર્શન કરાવવા લઈ જાય તેની સાથે જ હું તને પરણાવીશ. વળી મારા બાપુને મેં વચનઆપેલું છે કે,જમાઈનું મોઢું કાળું કરીને મારે એમની પાસે લઈ જવા. જૈમિનીએ વિચાર્યું કે,ભલે મોઢું કાળું થાય! જૈમિનીએ મોઢું કાળું કર્યું અને ઘોડા થવા તૈયાર થયા. પેલી યુવતીતેના ઉપર સવાર થઈ. આ પ્રમાણે વરઘોડોઅંબાજીના મંદિરે આવ્યો મંદિરના ઓટલે વ્યાસજી બેઠા હતા તેમણે આ દૃશ્ય જોઈ પૂછ્યું, જૈમિની!શ્લોક ખરો કે ખોટો?તરત જૈમિની ભાન માં આવ્યા.તે બોલ્યા, તમારો શ્લોક ખરો!તેથી તો ભર્તૃહરિએ કહ્યું છે,પવન, પાણીને પાંદડાં પર જીવનારા વિશ્વામિત્ર,પરાશરજેવા મોટા મોટા ઋષિઓ પણ સ્ત્રીનું મુખ જોતાં જ મોહ પામ્યા છે,તો પછી આ મિષ્ટાન્ના આરોગનાર નું શું ગજું?એ લોકો જો ઈન્દ્રિય નિગ્રહ કરી શકે તો પહાડ સમુદ્ર માં તરે છે એમ સમજવું. બ્રહ્મચર્ય પાળવુંએ દુર્બળ માણસોનું કામ નથી.શ્રી કૃષ્ણને દુર્બળતા ગમતી નથી. હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને.શ્રુતિ પણ કહેછે,દુર્બળ માણસો આ આત્મા ને પામી શકતાનથી. બળવાનબનો સંયમી બનો! મનરૂપી હાથીને સત્કર્મરૂપી અંકુશથી વશ કરો.તે પછી વામનજી ભિક્ષા લેવા જાય છે.ૐ ભગવતી ભિક્ષાં દેહિ. ગુરુજીએ આજ્ઞા કરી કે,નર્મદા કિનારે બલિરાજા અશ્વમેઘ યજ્ઞ કરે છે,ત્યાં જા.તે ભિક્ષા આપશે!વામનજી મહારાજે ત્યાં પ્રયાણ કર્યું છે.પગમાં પાવડી છે, હાથમાં કમંડળ છે.કેવળ લંગોટી પહેરી છે બીજા હાથમાં છત્ર છે અને દંડ છે કમળ ઉપર મુંજની મેખલા અને ગળામાં યજ્ઞોપવીત ધારણ કર્યું છે બગલમાં મૃગચર્મ અને શિર પર જટા છે.મુખ ઉપર બ્રહ્મતેજ છે. જોતાં જ વામનજીને રસ્તામાં સૌ નમસ્કાર કરે છે. આપોઆપ માથું નમે તો માનજો કે,આ કોઈ ઈશ્વર નો અંશ છે.વામનજી મહારાજ નર્મદાના કિનારે યજ્ઞ મંડપ પાસે આવ્યા છે. મોટા મોટા ઋષિઓ વિચાર કરે છેકે,આવો બ્રહ્મ તેજસ્વી જોયો નથી. ખરેખર ભાગ્યશાળી કુમાર છે!શંકરાચાર્યે ભાગ્યશાળી કોને કહ્યો છે,જાણો છો?આચાર્ય કહે છેકે,કૌપીનધારી જ ખરો ભાગ્યશાળી છે.પૈસા વાળો નહીં,સંપત્તિ વાળો નહીં, જ્ઞાની નહીં,પણ જૈ કૌપીન ધારી છે,જિતેન્દ્રિય છે તે ખરો ભાગ્ય શાળી છે.વામનજીએ યજ્ઞમંડપમાં પ્રવેશ કર્યોકે યજ્ઞના પ્રધાનાચાર્ય શુક્રાચાર્ય ઊઠીને ઊભા થયા. બ્રાહ્મણોને બ્રહ્મતેજથી માન મળે છે,ક્ષત્રિયોને બળથી માન મળે છે વૈશ્યોને પૈસાથી માન મળે છે, શૂદ્રોને વયથી માન મળે છે. ચારે વર્ણોની દિવાળી પણ અલગ અલગ છે.બળેવએ બ્રાહ્મણની દિવાળી, ક્ષત્રિયની દિવાળીએ વિજયાદશમી, વૈશ્યોની દિવાળી લક્ષ્મીપૂજન અને શૂદ્રોની દિવાળી હોળી ગણાય છે. શુક્રાચાર્યે બ્રહ્મચારીનું સ્વાગત કર્યું. પધારો! પધારો! બ્રાહ્મણો ઊઠીને ઊભા થાય છે. બલિરાજાએ વામનજીને સિંહાસન ઉપર પધરાવ્યા. રાણીને કહે, પૂજાની તૈયારી કરો. બલિરાજાની રાણીનું નામ વિંધ્યા વલિ. તેની પુત્રીનું નામ રત્નમાલા. રત્નમાલાના મનમાં સંકલ્પ થયો કે, આ છોકરાને જે મા સ્તનપાન કરાવતી હશે તેને કેવું સુખ થતું હશે!આમ બટુક ભગવાનનુંસ્વરૂપ જોઈ પહેલાં વાત્સલ્યભાવ થયો, પણ પાછળ થી જ્યારે બટુકજીનું પરાક્રમ જોયું ત્યારે એમને મારવાનો ભાવ થયો.આ બંને ભાવવાળી તે બીજા જન્મમાં પૂતના થાય છે.પણ રાજારાણીએ વામનજીની ચરણ સેવા કરી. વામનજીએ બલિરાજાનાં વખાણ કર્યાં.તમારા દાદા પ્રહલાદનો પ્રેમ એવો કે,પરમાત્મા ને સ્તંભમાંથી પ્રગટ થવું પડ્યુંહતું તમારા પિતા વિરોચન જેવો ઉદાર કોઈ થયો નથી અને થવાનો નથી. ઈન્દ્ર એમની પાસે બ્રાહ્મણ બનીને આવ્યો અને કહ્યું, મારું આયુષ્ય થોડુંજ બાકી છે.બ્રાહ્મણી વિધવા થશે. મને આયુષ્યનું દાન કરો. આવેલા બ્રાહ્મણને ના પાડું એ ઠીક નહીં એમ સમજી વિરોચન રાજાએ પોતાના આયુષ્યનું દાન એને કર્યું હતું. આવા દાનવીર હતા તમારા પિતા!વળી વામનજીએ આગળ ચલાવ્યું,હે રાજા, તમારા પ્રપિતા મહ હિરણ્યકશિપુ જેવી તારામાં શક્તિ છે, દાદા પ્રહલાદ જેવી ભક્તિ છે અને પિતા વિરોચનના જેવી ઉદારતા છે.તારામાંએ ત્રણે ના ગુણો છે. તું ધન્ય છે! બલિરાજા ખુશ ખુશ થઈ ગયો. તેણે કહ્યું, માગો, આપ જે માગશો તે આપીશ!આમ રાજા વચનથી બંધાઈ ગયો. પછી વામનજી બોલ્યા,હે રાજન્, હું લોભી બ્રાહ્મણ નથી, એટલે વધુ માગતો નથી. મારા પગથી માપીને ત્રણ પગ ભૂમિ લેવા આવ્યો છું. તેટલી ભૂમિ તું મને આપ!બલિરાજા વિચારે છે કે, બાળક છે તેથી માગતા આવડતું નથી.મહારાજ ભણ્યા છે પણ ગણ્યા નથી.તેમણે કહ્યું, મહારાજ ત્રણ પગલાં ભૂમિ નહીં, ત્રણ ગામ દાનમાં આપું! આખું જગત જાણે છે કે, જેને હું દાન આપું છું તેને બીજા કોઈ પાસે દાન લેવા જવાનું રહેતું નથી મારી પાસે દાન લીધા પછી તમે બીજા પાસે દાન લેવા જાવ તેમાં હું મારું અપમાન સમજું છું. તમે સંતોષી બ્રાહ્મણ છો,પણ આ ત્રણ પગલાં પૃથ્વીનું દાન આપતાં મને બહુ સંકોચ થાય છે.માટે કાંઈક વધુ માગો!

# ધોલેરાની જે. એન. વિદ્યાલયમાં ‘સાયબર ક્રાઈમ અને સાયબર સુરક્ષા’ વિષયક જાગૃતિ શિબિર યોજાઈ

## વિદ્યાર્થીઓમાં ડિજિટલ સુરક્ષા અંગે જાગૃતતા કેળવવા અને દીકરીઓની સુરક્ષા અને સશક્તિકરણની સુદ્રઢતા વધારવા માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા. 24





જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા ધોલેરા તાલુકા પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે ધોલેરા સ્થિત શ્રી જે. એન. વિદ્યાલય ખાતે ‘બેટી બચાવો, બેટી પઢાવો’ યોજના અંતર્ગત ‘સાયબર ક્રાઈમ અને સાયબર સુરક્ષા’ વિષય પર એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં ડિજિટલ સુરક્ષા અંગે જાગૃતતા કેળવવાનો તેમજ દીકરીઓની સુરક્ષા અને સશક્તિકરણને વધુ સુદ્રઢ બનાવવાનો હતો. આ કાર્યક્રમમાં સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન (DHEW) યોજનાના જેન્ડર સ્પેશ્યલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી અને ફાઈનાન્સ લિટરેસી એક્સપર્ટ સુશ્રી હેમલ બારોટે શાળાના વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં વધી રહેલા સાયબર જોખમો જેવા કે સાયબર બુલિંગ, ફેક આઈડી, ઓટીપી (OTP) દ્વારા થતી ઠગાઈ અને સોશિયલ મીડિયા પ્રાઈવસી જેવી અત્યંત મહત્વપૂર્ણ બાબતો અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ટરનેટનો સુરક્ષિત ઉપયોગ કેવી રીતે કરવો, પોતાની વ્યક્તિગત માહિતીનું રક્ષણ કેવી રીતે કરવું અને કોઈ પણ સાયબર ક્રાઈમનો ભોગ બનીએ તો કાયદાકીય મદદ કઈ રીતે મેળવવી તે અંગે સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે કચેરી તથા પોલીસ વિભાગના અધિકારીઓએ વિદ્યાર્થીઓને હંમેશા સાવચેત રહેવા અનુરોધ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ કે ઘટના જણાય તો ગભરાયા વગર તાત્કાલિક પોલીસને અથવા વાલીઓને જાણ કરવી જોઈએ, જેથી એક સુરક્ષિત સમાજનું નિર્માણ થઈ શકે.

## ખોવાયેલ અસ્થિર મગજના ઈસમને પરિવાર સાથે મિલન કરાવી પ્રશંસાપાત્ર સેવા

# ઝાલોદ પોલીસની માનવતાભરી કામગીરી

- પેટ્રોલીંગ દરમિયાન શકમંદ લાગતાં ઈસમની પૂછપરછ – મોબાઈલ દ્વારા સંપર્ક મળી પરિવારને સોંપ્યો



ઝાલોદ, તા. 24

ઝાલોદ પોલીસ સ્ટેશનની માનવતા ઝળકાવતી એક સરાહનીય કામગીરી સામે આવી છે. અસ્થિર મગજ ધરાવતા ખોવાયેલા ઈસમને શોધીને પરિવાર સાથે પુનઃમિલન કરાવતાં ઝાલોદ પોલીસની કામગીરી પ્રશંસનીય બની છે, જ્યારે પરિવારજનોના ચહેરા પર ખુશીની લાગણી છલકાઈ હતી. ઝાલોદ પોલીસ ડિવિઝનના ડી.વાય.એસ.પી શ્રી ડી.આર. પટેલના માર્ગદર્શન અને પી.આઈ રવિ ગામીતના સુચનાને અનુસરી પી.એસ.આઈ સી.કે. સીસોદીયા પોલીસ સ્ટાફ સાથે નિયમિત પેટ્રોલીંગ કરી રહ્યા હતા. નગરમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે 23-11-2025ના રોજ ઝાલોદ બાયપાસ - જુની આર.ટી.ઓ. રોડ પર ફરતા એક શકમંદ વ્યક્તિને અટકાવી તેની પૂછપરછ કરવામાં આવી હતી. આ વ્યક્તિ અસ્થિર મગજનો જણાતા હતો તથા મરાઠી ભાષામાં અસ્પષ્ટ શબ્દો બોલતો હતો. પૂછપરછ દરમિયાન તેણે પોતાનું નામ ‘સચિન’ જણાવ્યું હતું. ઈશારા દ્વારા તેણે મોબાઈલ માંગતા પી.એસ.આઈ સી.કે. સીસોદીયાએ પોતાનો મોબાઈલ તેને આપ્યો હતો. તે વ્યક્તિએ મોબાઈલમાં અલગ-અલગ નંબર ડાયલ કર્યા, જેમાંથી એક નંબર સાચો મળતાં ઝાલોદ પોલીસને મહત્વનો સુત્ર પ્રાપ્ત થયો. મોબાઈલ દ્વારા સંપર્ક કરાતા જાણવા મળ્યું કે આ અસ્થિર મગજનો વ્યક્તિ મહારાષ્ટ્ર રાજ્યના અમરાવતી જિલ્લાના સચિન સામરાવ કારસરપેનો ભાઈ હતો. પરિવારજનોએ માહિતી આપી કે આ વ્યક્તિ સાસરીમાં પુત્રના જન્મે ત્યાં ગયેલ હતો અને પરત ફરતી વખતે પરિવાર સાથે સંપર્ક તૂટી જતા પંદર દિવસથી ગુમ હતો. આ માહિતી મળતા તેના પરિવારજનો તરત જ ઝાલોદ પહોંચ્યા હતા. ઝાલોદ પોલીસ સ્ટેશનમાં પરિવારજનો દ્વારા તમામ પુરાવા અને ઓળખ આપ્યા બાદ પીએસઆઈ સી.કે. સીસોદીયાએ કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી ખોવાયેલ ઈસમને તેના પરિવારને સલામત સોંપ્યો હતો. પરિવારના સભ્યને મળતાં સ્થળ પર ભાવુક દ્રશ્યો સર્જાયા હતા અને પરિવારજનોએ ઝાલોદ પોલીસની આ માનવતાભરી કામગીરીની હૃદયપૂર્વક પ્રશંસા કરી હતી. ઝાલોદ પોલીસની સતર્કતા, માનવતા અને જવાબદારીભર્યા વલણની સમગ્ર વિસ્તારમાં વખાણ થઈ રહી છે.

# ગુરુ ગોવિંદ લીમડીમાં પરપ્રાંતિયને આઈ.ડી. પ્રૂફ વગર ભાડે મુકતા મકાન માલિક વિરુદ્ધ ગુનો નોંધાયો

## પોલીસને જાણ કર્યા વગર મકાન ભાડે મુકાયું — જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશનો ભંગ થતા કાયદેસરની કાર્યવાહી

ઝાલોદ, તા. 24

ગુરુ ગોવિંદ લીમડી તાલુકામાં પરપ્રાંતિય ઈસમને કોઈપણ પ્રકારની ઓળખની હકીકત (ID Proof) લીધા વગર અને પોલીસ સ્ટેશનમાં ફરજિયાત જાણ કર્યા વગર મકાન ભાડે મુકનાર મકાન માલિક વિરુદ્ધ લીમડી પોલીસ દ્વારા ગુનો નોંધાયો છે. ભારત સરકારના નિયમો મુજબ, કોઈ પણ વ્યક્તિને મકાન અથવા દુકાન ભાડે આપતા પહેલા મકાનમાલિકે ભાડૂઆતનો આઈ.ડી. પ્રૂફ લેવાનો તથા ખાસ કરીને પરપ્રાંતિય વ્યક્તિને ભાડે મુકવામાં આવે તો તેની લેખિત જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં કરવી ફરજિયાત છે. આ નિયમ ગુનાખોરી અટકાવવા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર રોક લગાવવા માટે બનાવવામાં આવ્યો છે. લીમડીના કારઠ રોડ ભેરુજી મંદિર પાસે આવેલા મકાનમાં મધ્યપ્રદેશના વિજયરામ માવી (રહે. બરઘરા) ભાડે રહેતા હોવાનું પોલીસને માહિતી મળી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે મકાનમાલિક ધર્મેશ દેવાભાઈ મોરીએ ન માત્ર આઈ.ડી. પ્રૂફ લીધા વગર ભાડું આપ્યું હતું પરંતુ નિર્ધારિત સમયમર્યાદામાં પોલીસને જાણ પણ કરી નહોતી. આ ઘટનાને પગલે ગુરુ ગોવિંદ લીમડી પોલીસએ જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશનો ભંગ થવા બદલ સંબંધિત મકાન માલિક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## 27 અને 28 નવેમ્બરના રોજ તલોદ-પ્રાંતિજ સ્ટેશનો વચ્ચે આવેલ રેલવે ફાટક

અમદાવાદ, તા. 24

નં. 53A (ટાવર રોડ ફાટક) બંધ રહેશે, અહમદાબાદ મંડળના અસારવા-હિંમતનગર સેક્શનના તલોદ-પ્રાંતિજ સ્ટેશનો વચ્ચે આવેલ, રેલવે ફાટક નં. 53A કિ.મી. 356/1-3 (ટાવર રોડ ફાટક) પર સમારકામ અને જાળવણી કાર્ય, માટે 27 નવેમ્બર 2025ના રોજ સવારે 09.00 વાગ્યાથી 28 નવેમ્બર 2025ના રોજ સાંજે 18.00 વાગ્યા સુધી આવાગમન માટે બંધ રહેશે. રસ્તા વપરાશકર્તાઓ આ સમયગાળા દરમિયાન રેલવે ફાટક નં. 51B (મહિયોલ ફાટક) નો ઉપયોગ કરી શકે છે.

# ગુજરાત પોલીસની સ્પેશ્યલ ડ્રાઇવ: 100 કલાકમાં રાષ્ટ્રવિરોધી તત્વોનું ચેકીંગ

અમદાવાદ, તા. 24

ગુજરાત એટીએસ દ્વારા રાષ્ટ્રવિરોધી તત્વોને હથિયાર સહિત જીવલેણ મુદ્દામાલ સાથે પકડી પાડવાની ઘટના અને ત્યારબાદ દિલ્હીમાં થયેલા બોમ્બ બ્લાસ્ટની દુઃખદ ઘટનાને ગંભીરતાથી લઈને, રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે રાજ્યમાં તકેદારી વધારવા માટે તાત્કાલિક એક્શન પ્લાન ઘડી જરૂરી આદેશો આપ્યા હતા. રાજ્યની સુરક્ષાને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે, શ્રી વિકાસ સહાયે તા. ૧૭મી નવેમ્બરે એક મહત્વની બેઠક યોજીને તમામ શહેર/જિલ્લાના પોલીસ વડાશ્રીઓને છેલ્લા ૩૦ વર્ષમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓના ગુનામાં પકડાયેલા આરોપીઓનું સઘન વેરીફિકેશન કરીને ડોઝિયર તૈયાર કરવાની કામગીરી આગામી ૧૦૦ કલાકમાં પૂર્ણ કરવા તાકીદ કરી હતી. રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયની સૂચના મુજબ, રાજ્યના તમામ પોલીસ સ્ટેશનો દ્વારા આ પરિણામલક્ષી કામગીરી સમયસર પૂર્ણ કરવામાં આવી છે. ગુજરાત પોલીસે છેલ્લા ૩૦ વર્ષના ડેટાબેઝની તપાસ કરીને કુલ ૩૧,૮૩૪ આરોપીઓનું ઘરે- ઘરે જઈને ચેકિંગ કર્યું છે. આ વેરીફિકેશન પ્રક્રિયામાં મુખ્યત્વે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ગુનાઓ અન લૉ ફુલ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ (UAPA), ટેરરિસ્ટ ડિસરપ્ટીવ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ (TADA), NDPS એક્ટ, આર્મ્સ એક્ટ, એક્સપ્લોઝિવ એક્ટ, ફેક ઈન્ડિયન કરન્સી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પોલીસે આ આરોપીઓની હાલની પ્રવૃત્તિઓ અને નોકરી સહિતની વિગતોની પૂછપરછ કરી છે. શ્રી વિકાસ સહાયે જણાવ્યું કે, ચેક કરવામાં આવેલા કુલ ૩૧,૮૩૪ આરોપીઓ પૈકી ૧૧,૮૮૦ આરોપીઓ એટલે કે અંદાજિત ૩૭ ટકા આરોપીઓ મળી આવ્યા હતા, જે તમામના ડોઝિયર ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. તે ઉપરાંત 2,326 આરોપીઓ હવે હયાત નથી. 3,744 આરોપીઓએ પોતાના સરનામાં બદલી નાખ્યા છે, તેમના નવા સરનામા આધારે ત્યાં જઈને પણ ચેકીંગ કાર્યવાહી કરાશે. 4,506 આરોપીઓ ગુજરાત રાજ્ય બહારના છે. ગુજરાત પોલીસ દ્વારા ચેકિંગનું પ્રથમ તબક્કાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. શ્રી વિકાસ સહાયે જણાવ્યું હતું કે હવે બીજા તબક્કામાં રાજ્ય બહારના આરોપીઓનું ચેકિંગ કરી તેમના ડોઝિયર તૈયાર કરવા માટે પણ ખાસ SOP તૈયાર કરીને સઘન કાર્યવાહી કરવામાં આવશે, જેથી રાષ્ટ્રવિરોધી તત્વો પર કાયમી ધોરણે મજબૂત નિયંત્રણ રાખી શકાય.

# પીરોજપુર (લાલ માંડવા) ગામે ૧૯૨ ઊંટોને ઝેરબાજ (ચકરી) વિરોધી સારવાર, કૃમિ નિવારણ સારવાર કરવામાં આવી

અમદાવાદ, તા. 24

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પશુપાલન વિભાગ, ખેડા જિલ્લા પંચાયત તથા કપડવંજ પશુ દવાખાના દ્વારા અંતરિયાળ વિસ્તાર વાત્રક નદી અને માજમ નદીના સંગમ સ્થાને આવેલા પીરોજપુર (લાલ માંડવા) ગામે ૧૯૨ ઊંટોને ઝેરબાજ (ચકરી) વિરોધી સારવાર, કૃમિ નિવારણ સારવાર કરવામાં આવી હતી. માલધારી સમાજ ના તમામ ઊંટોને એક જ સ્થળે ભેગા કરી તમામ કચ્છી,મારવાડી,માલવી ઊંટોને ચકરીના રોગ અને ચામડીના રોગો સામે રસી આપવાની કામગીરી કરવામાં આવી છે. જે અંતર્ગત ૧૯૨ ઊંટોની સારવાર વિનામુલ્યે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિભાગીય સયુંકત પશુપાલન નિયામકશ્રી, અમદાવાદ ડૉ.બ્રહ્મક્ષત્રીય , નાયબ પશુપાલન નિયામકશ્રી, જિ.પં. નડિયાદ, ડૉ. ડી.એલ.મનાત, લાયઝનિંગ અધિકારીશ્રી ડો.વી. એસ.પટેલ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. જયારે ડૉ. એમ.એલ.રબારી, ડૉ. બી.એમ. સોલંકી, ડૉ.સીમા ગઢવી, ડો.અલ્પેશ ઝાલા તથા પશુધન નિરીક્ષકશ્રીઓ તથા તમામ પશુપાલન સ્ટાફ દ્વારા ૧૯૨ ઊંટોને ઝેરબાજ (ચકરી) વિરોધી સારવાર, કૃમિ નિવારણ સારવાર કરવામાં આવી હતી. આ માટે તમામ કચ્છી,મારવાડી,માલવી ઊંટો ના માલિકો અને રખેવાળો એ ઉપસ્થિત તબીબો અને સહાયકો તેમજ સરકારનો સહૃદય આભાર માન્યો હતો.

## નડિયાદ સિવિલ હોસ્પિટલના મનોચિકિત્સા વિભાગની સરાહનીય કામગીરી

અમદાવાદ, તા. 24

નડિયાદ સિવિલ હોસ્પિટલના મનોચિકિત્સા વિભાગે બિહારથી આવેલા માનસિક રીતે અસ્થિર યુવકને યોગ્ય સારવાર તેમજ કાઉન્સેલિંગ આપીને તેને તેના પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું છે. આ અંગે વિગતો આપતાં નડિયાદ સિવિલ હોસ્પિટલના મનોચિકિત્સક ડૉ. અંકિત પંચાલે જણાવ્યું હતું કે, તા. ૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નડિયાદ રેલવે પોલીસ સ્ટેશન દ્વારા એક અજાણ્યા યુવકને માનસિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં યુવકની માનસિક સ્થિતિ અસ્થિર જણાતાં તેને તાત્કાલિક દાખલ કરવામાં આવ્યો.


## ગેરકાયદેસર રીતે સુરક્ષિત વન્યજીવ સુરજ કાચબો (Indian star tortoise) અને સુડા પોપટ (રોઝ રીંગ પેરાકીટ)ના વેપારમાં સંકળાયેલ આરોપીઓના ઘરે દરોડા

# અમદાવાદ ગ્રામ્ય એસ.ઓ.જી અને અમદાવાદ સામાજિક વનીકરણ વિભાગનાં સ્ટાફ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું

## રેડ દરમિયાન મળેલ મુદ્દામાલ કબજે લઈ દસ્ક્રોઈ રેંજમાં આવેલ વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર, બોડકદેવ ખાતે પહોંચાડવામાં આવેલ છે

ગાંધીનગર, તા. 24







અમદાવાદ ગ્રામ્ય એસ.ઓ.જી અને અમદાવાદ સામાજિક વનીકરણ વિભાગ, અમદાવાદના સ્ટાફ ધ્વારા મળેલ માહિતીના આધારે સમગ્ર રેકેટનો પર્દાફાર્શ કરવા માટે ડૉ. જયપાલ સિંઘ ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના સહકારથી સુશ્રી વિધી ચૌધરી, IPS, ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ, અમદાવાદ રેન્જ તથા ડૉ. કે. રમેશ (IFS), ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ, અમદાવાદ દ્વારા માર્ગદર્શન અને દિશાનિર્દેશ આપવામાં આવ્યુ હતું. જેના આધારે વરિષ્ઠ અધિકારીઓના માર્ગદર્શન મુજબ શ્રી ઓમપ્રકાશ જાટ, IPS, સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, અમદાવાદ ગ્રામ્ય : ડૉ. મિનલ જાની (GFS), ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ; તથા શ્રી એચ.એન. ચાવડા, ACF-અમદાવાદ દ્વારા સમગ્ર ઓપરેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.23/11/2025ના રોજ મળેલ બાતમીના આધારે દિલ્લી ચકલા વિસ્તારમાં 2 ટીમ બનાવી અલગ અલગ સ્થળ પર પહોંચેલ. ટીમ-1 ધ્વારા કીડી પાડાની પોળ, શાહપુર સ્થળ પર પહોંચી તપાસ કરતા ઘરમાંથી Indian star tortoise- ૩૪ નંગ જે વન્યજીવ (સુરક્ષા) અધિનિયમ, 1972 હેઠળ શિડ્યુલ-1માં આવેલ છે પાંજરામાં બંધક હાલતમાં મળી આવેલ. તેમજ ટીમ-2 ધ્વારા બાતમીના આધારે ગુંડી ચોક, શાહપુર સ્થળ ઉપર પહોંચીને તપાસ કરતા ઘરમાંથી સુડા પોપટ (રોઝ રીંગ પેરાકીટ) -101 નંગ પાંજરામાં બંધક હાલતમાં મળી આવેલ. જે વન્યજીવ (સુરક્ષા) અધિનિયમ, 1972 હેઠળ શિડયુલ-2માં આવેલ છે. વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-1972 હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાલમાં આ કેસની આગળની તપાસ ચાલુ છે. રેડ દરમિયાન મળેલ મુદ્દામાલ કબજે લઈ દસ્ક્રોઈ રેંજમાં આવેલ વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર, બોડકદેવ ખાતે પહોંચાડવામાં આવેલ છે તેવું નાયક વનરક્ષક સામાજિક વનીકરણ વિભાગ અમદાવાદની અખબાર યાદીમાં જણાવાયું છે. તા.23/11/2025ના રોજ મળેલ બાતમીના આધારે દિલ્લી ચકલા વિસ્તારમાં 2 ટીમ બનાવી અલગ અલગ સ્થળ પર પહોંચેલ. ટીમ-1 ધ્વારા કીડી પાડાની પોળ, શાહપુર સ્થળ પર પહોંચી તપાસ કરતા ઘરમાંથી Indian star tortoise- ૩૪ નંગ જે વન્યજીવ (સુરક્ષા) અધિનિયમ, 1972 હેઠળ શિડ્યુલ-1માં આવેલ છે પાંજરામાં બંધક હાલતમાં મળી આવેલ. તેમજ ટીમ-2 ધ્વારા બાતમીના આધારે ગુંડી ચોક, શાહપુર સ્થળ ઉપર પહોંચીને તપાસ કરતા ઘરમાંથી સુડા પોપટ (રોઝ રીંગ પેરાકીટ) -101 નંગ પાંજરામાં બંધક હાલતમાં મળી આવેલ. જે વન્યજીવ (સુરક્ષા) અધિનિયમ, 1972 હેઠળ શિડયુલ-2માં આવેલ છે. વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-1972 હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાલમાં આ કેસની આગળની તપાસ ચાલુ છે. રેડ દરમિયાન મળેલ મુદ્દામાલ કબજે લઈ દસ્ક્રોઈ રેંજમાં આવેલ વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર, બોડકદેવ ખાતે પહોંચાડવામાં આવેલ છે તેવું નાયક વનરક્ષક સામાજિક વનીકરણ વિભાગ અમદાવાદની અખબાર યાદીમાં જણાવાયું છે.

# મોહમ્મદ શમીની ફરી થઈ અવગણના

## દમદાર પ્રદર્શન છતાં આ ખેલાડીઓનું ના થયું સિલેક્શન



**મુંબઇ, તા. 24**

સાઉથ આફ્રિકા સામેની ત્રણ મેચની વનડે સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. જેમાં કેએલ રાહુલને ટીમની કમાન સોંપવામાં આવી છે. જેમાં ઋષભ પંત અને રવિન્દ્ર જાડેજાની વનડે ટીમમાં વાપસી થઈ છે, જ્યારે યશસ્વી જયસ્વાલ અને રુતુરાજ ગાયકવાડને તક આપવામાં આવી છે. જોકે, દમદાર પ્રદર્શન કરવા છતાં કેટલાક ખેલાડીઓ વિશ્વાસ જીતવામાં નિષ્ફળ રહ્યા છે અને તેમનું સિલેક્શન થયું નથી. ચાલો તમને આવા ખેલાડીઓ વિશે જણાવીએ. મોહમ્મદ શમી, મોહમ્મદ શમીની ફરી એકવાર સિલેક્ટર્સ દ્વારા અવગણના કરવામાં આવી છે. શમીએ તાજેતરમાં રણજી ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેમ છતાં પણ શમી સિલેક્ટર્સનો વિશ્વાસ પાછો મેળવવામાં નિષ્ફળ રહ્યો છે. શમીએ છેલ્લે 9 માર્ચે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ODI રમી હતી. ટીમ ઈન્ડિયા માટે તમામ ફોર્મેટમાં બેટ અને બોલ બંનેથી શાનદાર પ્રદર્શન કરનાર અક્ષર પટેલને સાઉથ આફ્રિકા સામેની ODI સીરિઝ માટે પસંદ કરાયેલી ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. ચાર વનડેમાં 10 વિકેટ લેનાર વરુણ ચક્રવર્તીને પણ 15 સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. વરુણે તાજેતરના સમયમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું.

# T20માં સૌથી વધુ અર્ધસદી ફટકારનારા બેટર, બાબરે વિરાટ કોહલીના રેકોર્ડની બરાબરી કરી

**મુંબઇ, તા. 24**

બાબર આઝમે ઝિમ્બાબ્વે સામે ટ્રાઈ સીરિઝની ચોથી મેચમાં પોતાના T20I કરિયરની 38મી અર્ધસદી ફટકારી છે. આ સાથે જ તેણે વિરાટ કોહલીના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી લીધી છે. તો ચાલો T20I માં સૌથી વધુ અર્ધસદી ફટકારનારા ટોપ-5 બેટ્સમેનો વિશે જાણીએ.

બાબર આઝમ, બાબર આઝમે ઝિમ્બાબ્વે સામે 74 શાનદાર ઈનિંગ રમીને પાકિસ્તાનને ફાઈનલમાં પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બાબરની T20I ઈન્ટરનેશનલમાં 38મી અર્ધસદી હતી. આ સાથે જ તેણે વિરાટ કોહલીના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી લીધી છે.

વિરાટ કોહલી, T20 વર્લ્ડ કપ 2024નો ખિતાબ જીત્યા બાદ ક્રિકેટના સૌથી નાના ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા વિરાટ કોહલીએ પોતાના T20 કરિયરમાં સૌથી વધુ 38 અર્ધસદી ફટકારી હતી. પરંતુ હવે બાબર આઝમ તેની પાસેથી આ તાજ છીનવી લેવાની કગાર પર છે.

રોહિત શર્મા, પૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્મા આ લિસ્ટમાં 32 અર્ધસદી સાથે ત્રીજા ક્રમ પર છે. તેણે પોતાના T20I ઈન્ટરનેશનલ કરિયરમાં 151 ઈનિંગ્સમાં આ 32 અર્ધસદી ફટકારી છે.

મોહમ્મદ રિઝવાન, પાકિસ્તાનના વિકેટકીપર-બેટ્સમેન મોહમ્મદ રિઝવાનનું નામ પણ આ લિસ્ટમાં સામેસ છે. રિઝવાને અત્યાર સુધીમાં પોતાના T20I કરિયરમાં 30 અર્ધસદી ફટકારી છે.

ડેવિડ વોર્નર, ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા ડેવિડ વોર્નર હજુ પણ ટોપ-5 બેટ્સમેનોના લિસ્ટમાં સામેલ છે. વોર્નરે પોતાના T20I ઈન્ટરનેશનલ કરિયરમાં 28 અર્ધસદી ફટકારી હતી. આ ઉપરાંત ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન જોસ બટલરના નામે પણ આ ફોર્મેટમાં 28 અર્ધસદી ફટકારવાનો રેકોર્ડ છે.

# IND vs SA : ગિલને બદલે રાહુલને બનાવાયો કેપ્ટન, સાઉથ આફ્રિકા સામેની વનડે સીરિઝ માટે સ્ક્વોડ જાહેર



**મુંબઇ, તા. 24**

દક્ષિણ આફ્રિકા સામે ત્રણ મેચોની વનડે સીરિઝ માટે BCCIએ ભારતીય સ્કવોડની જાહેરાત કરી છે. કોલકાતા ટેસ્ટમાં ઈજાગ્રસ્ત થયેલા શુભમન ગિલને ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. ગિલને બદલે કે એલ રાહુલને કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ભારતીય સ્કવોડ: રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, તિલક વર્મા, કે એલ રાહુલ, રિષભ પંત, વોશિંગ્ટન સુંદર, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, નીતિશ રેડ્ડી, હર્ષિત રાણા, ઋતુરાજ ગાયકવાડ, પ્રસિધ કૃષ્ણા, અર્શદીપ સિંહ, ધ્રુવ જુરેલ, શુભમન ગિલ ઈજાગ્રસ્ત, નોંધનીય છે કે હાલ સાઉથ આફ્રિકા સાથે ભારતની ટેસ્ટ સીરિઝ ચાલી રહી છે. કોલકાતા ટેસ્ટમાં ભારતીય કેપ્ટન શુભમન ગિલ ઈજાગ્રસ્ત થયો હતો. ગરદનમાં ઈજાના કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જોકે હજુ સુધી તે સંપૂર્ણ થયો ન હોવાથી વનડે સીરિઝમાં પણ રમી શકશે નહીં. શ્રેયસ અય્યર અને હાર્દિક પંડ્યા પણ થયા હતા, ઈજાગ્રસ્ત અગાઉ ઓકટોબર મહિનામાં ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગઈ ત્યારે શ્રેયસ અય્યર ઈજાગ્રસ્ત થયો હતો. તે પણ હજુ સુધી ફિટ થઈ શક્યો નથી. તેની પહેલા એશિયા કપમાં ભારતીય ખેલાડી હાર્દિક પંડ્યા ઈજાગ્રસ્ત થયો હતો. ક્યારે ક્યારે રમાશે વનડે મેચ, નોંધનીય છે કે ટેસ્ટ સીરિઝની પહેલી મેચમાં સાઉથ આફ્રિકાનો વિજય થયો અને સીરિઝમાં તે 1-0થી આગળ છે.

# IND vs SA : માર્કો યાન્સને ટેસ્ટ ક્રિકેટમાં રચ્યો ઈતિહાસ

**મુંબઇ, તા. 24**

ગુવાહાટી ટેસ્ટ મેચમાં માર્કો યાન્સને 93 રનની શાનદાર ઈનિંગ રમી. 93 રનની ઈનિંગમાં માર્કો યાન્સને એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. યાન્સન ભારત સામેની ટેસ્ટ મેચની ઈનિંગમાં સૌથી વધુ સિક્સર ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. પોતાની 93 રનની ઈનિંગમાં યાન્સને 7 છગ્ગા ફટકાર્યા હતા. માર્કોએ માત્ર 91 બોલનો સામનો કર્યો હતો. આ ઉપરાંત યાન્સન ભારત સામેની ટેસ્ટ ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. માર્કો યાન્સને દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ક્રિકેટર વિવિયન રિચર્ડ્સનો રેકોર્ડ તોડી નાખ્યો છે. વિવયન રિચર્ડ્સે 1974માં દિલ્હી ટેસ્ટ મેચ દરમિયાન પોતાની એક ઈનિંગમાં 6 છગ્ગા ફટકાર્યા હતા. તમને જણાવી દઈએ કે, ગુવાહાટી ટેસ્ટમાં યાન્સન ઉપરાંત સેનુરન મુથુસામીએ શાનદાર ઈનિંગ રમી અને 109 રન બનાવ્યા હતા. યાન્સન અને મુથુસામીની ઈનિંગના દમ પર દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ઈનિંગમાં કુલ 489 રન બનાવ્યા.

# તૃપ્તિ ડિમરીએ સ્પિરિટનું મુહૂર્ત સાચવ્યું



## - પ્રભાસની ગેરહાજરી વિશે ચાહકોના સવાલો

**મુંબઇ, તા. 24**

સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ'નું શૂટિંગ આખરે શરુ થયું છે. ફિલ્મની ટીમે મુહૂર્ત ક્લેપની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. રસપ્રદ વાત એ છે કે મુહૂર્ત શોટમાં ફક્ત તૃપ્તિ ડિમરી જ હાજર રહી હતી. ફિલ્મનો હિરો પ્રભાસ મુહૂર્ત ટાણે જ ગાયબ રહ્યો હતો. તેની સાથે પ્રકાશ રાજ સહિતના કલાકારો પણ મુહૂર્તમાં દેખાયા ન હતા. પીઢ અભિનેતા ચિરંજીએ મુહૂર્ત ક્લેપ આપી હતી. સોશિયલ મીડિયા પર મુહૂર્તની તસવીરો જોઈ ચાહકોએ પ્રભાસ કેમ ગેરહાજર છે તેવા સવાલોનો મારો ચલાવ્યો હતો. સંદિપ રેડ્ડી વાંગાએ આ ફિલ્મની જાહેરાત મહિનાઓ પહેલાં કરી હતી. ત્યારે પ્રભાસ સાથે દીપિકા પદુકોણને હિરોઈન તરીકે કાસ્ટ કરવામાં આવી હતી. પરંતુ, દીપિકાએ વધારે ફી માગતાં તથા પોતે આઠ કલાકથી વધારે કામ નહિ કરે તેવી શરતો મૂકતાં આખરે ફિલ્મમાંથી તેની વિદાય થઈ હતી. પરંતુ, દીપિકાએ વધારે ફી માગતાં તથા પોતે આઠ કલાકથી વધારે કામ નહિ કરે તેવી શરતો મૂકતાં આખરે ફિલ્મમાંથી તેની વિદાય થઈ હતી. દીપિકાને સ્થાને તૃપ્તિ ડિમરીને રિપ્લેસ કરવામાં આવી હતી.

# રોનિત રોયે અચોક્કસ મુદ્દત માટે સોશિયલ મીડિયા છોડયું

**મુંબઇ, તા. 24**

એક્ટર રોનિત રોયે સોશિયલ મીડિયા છોડવાની જાહેરાત કરી છે. તેણે જણાવ્યું છે કે પોતે જિંદગીમાં કેટલાંક પરિવર્તનો કરી રહ્યો છે અને તેના ભાગ રુપે તે સોશિયલ મીડિયા છોડી રહ્યો છે. તેણે માનસિક અને આધ્યાત્મિક સ્તરે ઉન્નતિ બાદ પોતે ફરી આ પ્લેટફોર્મ પર પાછો ફરશે તેવી ચાહકોને ખાતરી પણ આપી છે. રોનિત રોયના ઈન્સ્ટાગ્રામ પર દસ લાખ ફોલોઅર્સ છે. તે સોશિયલ મીડિયા પર અતિશય સક્રિય રહેતો હતો અને નિયમિત અપડેટ્સ શેર કરતો હતો. રોનિત બહુ ઓછી સેલિબ્રિટીઓમાંનો એક હતો જે સોશિયલ મીડિયા પર ચાહકોને મેસેજના જવાબ પણ આપતો હતો. જોકે, રોનિતે સોશિયલ મીડિયા છોડવા માટે કોઈ એક નક્કર કારણ જણાવ્યું નથી.

# શ્રદ્ધા કપૂર ડાન્સ કરતી વખતે ઘાયલ થતાં ઈથાનું શૂટિંગ અટક્યું

**મુંબઇ, તા. 24**

મુંબઈ: શ્રદ્ધા કપૂર 'ઈથા' ફિલ્મ માટે લાવણી ડાન્સની એક સીકવન્સનું શૂટિંગ કરી રહી હતી ત્યારે ઘાયલ થઈ હતી. શ્રદ્ધાને ઈજા થતાં ફિલ્મનું શૂટિંગ અટકાવી દેવામાં આવ્યું છે. 'ઈથા' મહારાષ્ટ્રનાં વિખ્યાત નૃત્યાંગના વિઠાબાઈ નારાયણગાંવકરની બાયોપિક છે. તેઓ લાવણી નૃત્ય કળામાં બહુ પારંગત હતાં. શ્રદ્ધાએ આ રોલ માટે ૧૫ કિગ્રા વજન વધાર્યું છે. શૂટિંગ વખતે તે નવવારી સાડી, હેવી જ્વેલરી તથા કમરપટ્ટામાં સજ્જ હતી. લાવણીમાં વાદ્યના તાલે એકદમ ઝડપથી આગળ પાછળ અને ક્રોસ મુવમેન્ટ કરવાની હોય છે. આમ કરવા જતાં શ્રદ્ધાનું બધું વજન તેના ડાબા પગ પર આવી ગયું હતું અને તે ગબડી પડી હતી. શ્રદ્ધાએ તે પછી પોતાના ક્લોઝઅપ્સ લઈ લેવા સૂચવ્યું હતું અને ટીમે એ રીતે શૂટિંગ આગળ વધાર્યું હતું. જોકે, તેને પીડા એકદમ વધી જતાં આખરે શૂટિંગ મુલત્વી રાખવામાં આવ્યું હતું. હવે બે સપ્તાહ સુધી શૂટિંગ ઠપ રહે તેવી સંભાવના છે. શૂટિંગ વખતે તે નવવારી સાડી, હેવી જ્વેલરી તથા કમરપટ્ટામાં સજ્જ હતી. લાવણીમાં વાદ્યના તાલે એકદમ ઝડપથી આગળ પાછળ અને ક્રોસ મુવમેન્ટ કરવાની હોય છે. આમ કરવા જતાં શ્રદ્ધાનું બધું વજન તેના ડાબા પગ પર આવી ગયું હતું અને તે ગબડી પડી હતી. શ્રદ્ધાએ તે પછી પોતાના ક્લોઝઅપ્સ લઈ લેવા સૂચવ્યું હતું અને ટીમે એ રીતે શૂટિંગ આગળ વધાર્યું હતું. જોકે, તેને પીડા એકદમ વધી જતાં આખરે શૂટિંગ મુલત્વી રાખવામાં આવ્યું હતું. હવે બે સપ્તાહ સુધી શૂટિંગ ઠપ રહે તેવી સંભાવના છે.



# દીપિકા પાદૂકોણ અને રણબીર સાથે રોમાન્ટિક કોમેડી કરવા તૈયાર

**મુંબઇ, તા. 24**

'યે જવાની હૈ દિવાની' તથા 'તમાશા' જેવી ફિલ્મોમાં સાથે કામ કરી ચૂકેલાં દીપિકા પદુકોણ અને રણબીર કપૂર ફરી કોઈ રોમાન્ટિક કોમેડી ફિલ્મમાં સાથે દેખાશે કે કેમ તે અંગે અટકળો શરુ થઈ છે. વાસ્તવમાં સોશિયલ મીડિયા પર એક ચાહકે આ બંનેએ ફરી સાથે કામ કરવું જોઈએ તેવી ડિમાન્ડ કરતો એક વિડીયો પોસ્ટ કર્યો હતો. દીપિકાએ આ વિડીયોને લાઈક કર્યો હતો. તે પરથી ચાહકો માની રહ્યા છે કે દીપિકાએ રણબીર સાથે કામ કરવા માટે સંમતિ આપી દીધી છે. હવે આ બાબતે કોઈ ઓફિશિયલ એનાઉન્સમેન્ટની રાહ જોવાઈ રહી છે. એક સમયે દીપિકા અને રણબીરની રિલેશનશિપ પણ ચર્ચાનો વિષય બની હતી. જોકે, બાદમાં દીપિકાએ રણવીર સિંહ સાથે અને રણબીરે આલિયા ભટ્ટ સાથે લગ્ન કરી લીધાં હતાં. હજુ થોડા સમય પહેલાં જ દીપિકા અને રણબીર જાહેરમાં એકબીજાને બહુ ઉમળકાભેર મળતાં હોય તેવો વિડીયો વાયરલ થયો હતો. તે પરથી પણ એવું અનુમાન વ્યક્ત થઈ રહ્યું છે કે બંને વચ્ચે હવે કોઈ કડવાશ રહી નથી. ચાહકોએ જણાવ્યું હતું કે બોલીવૂડ પ્રોડ્યૂસરો હાલ કોઈ ફિલ્મો બોક્સ ઓફિસ પર ખાસ ચાલતી નથી તેની ચિંતા કરી રહ્યા છે ત્યારે તેમણે દીપિકા અને રણબીરની સુપરહિટ જોડીને ફરી અજમાવવી જોઈએ.



# વધતા ટેક્સના કારણે સ્ટીલ ઉદ્યોગપતિ લક્ષ્મી મિત્તલ યુકે છોડશે

**■ બ્રિટનના આઠમા સૌથી ધનિક વ્યક્તિ, દુબઈ શિફ્ટ થવાની તૈયારી**

લંડન, તા.24

દુનિયાની બીજી સૌથી મોટી સ્ટીલ કંપની આર્સેલર મિત્તલના માલિક અને બ્રિટનના ટોચના અબજોપતિઓમાં સામેલ લક્ષ્મી મિત્તલ બ્રિટન છોડી રહ્યા છે.

ધ સન્ડે ટાઈમ્સના રિપોર્ટ મુજબ, લેબર પાર્ટીની નવી સરકાર દ્વારા ધનિકો પર ટેક્સ વધારવાની તૈયારીના કારણે મિત્તલે આ નિર્ણય લીધો છે. ભારતીય મૂળના મિત્તલની કુલ સંપત્તિ લગભગ 1.8 લાખ કરોડ છે. તેઓ બ્રિટનના આઠમા સૌથી ધનિક વ્યક્તિ છે.

લેબર પાર્ટીની સરકારમાં નાણાં મંત્રી રેચલ રીવ્સ દેશની અર્થવ્યવસ્થાને સુધારવા માટે 20 અબજ પાઉન્ડ (લગભગ 2.3 લાખ કરોડ)નું ફંડ એકઠું કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

26 નવેમ્બરે રેચલ રીવ્સનું બજેટ આવવાનું છે. અટકળો છે કે તેમાં 20% સુધી એક્ઝિટ ટેક્સ (દેશ છોડવા પરનો ટેક્સ) લગાવવાની જાહેરાત થઈ શકે છે. આ પહેલાં સરકારે કેપિટલ ગેઈન ટેક્સને એપ્રિલ 2025થી 10% થી વધારીને 14% કરી દીધો હતો, જે 2026માં 18% સુધી પહોંચી જશે.

મિત્તલના પરિવારના એક સલાહકારે જણાવ્યું કે સૌથી મોટી ચિંતા ઈનહેરિટન્સ ટેક્સ (વારસાગત ટેક્સ) છે. મોટાભાગના ધનિક વિદેશી લોકો એ સમજી જ શકતા નથી કે તેમની દુનિયાભરની સંપત્તિ પર બ્રિટનનો ઈનહેરિટન્સ ટેક્સ શા માટે લાગવો જોઈએ? આ દેશ છોડવા પર મજબૂર કરી રહ્યું છે.

બ્રિટનમાં ઈનહેરિટન્સ ટેક્સ 40% સુધી લાગે છે. દુબઈમાં આ ઝીરો છે. એપ્રિલમાં નોન-ડૉમ સ્ટેટસ ખતમ કર્યા પછી ઘણા ધનિક લોકોએ બ્રિટન છોડવાનો નિર્ણય કર્યો. આ જૂની સિસ્ટમ (200 વર્ષ જૂની) ધનિક લોકોને માત્ર બ્રિટનમાં કમાણી પર ટેક્સ આપવાની સુવિધા આપતી હતી.

મિત્તલની પહેલાથી જ દુબઈમાં એક આલીશાન હવેલી છે. સમાચાર મુજબ UAEના ના આઈલેન્ડ પર તેમણે જમીન પણ ખરીદી લીધી છે. દુબઈ અને સ્વિટ્ઝર્લેન્ડ ધનિક લોકોમાં એટલા માટે લોકપ્રિય થઈ ગયા છે કારણ કે ત્યાં ઈનહેરિટન્સ ટેક્સ (વારસાગત ટેક્સ) બિલકુલ લાગતો નથી.



આ જ કારણ છે કે દુનિયાભરના મોટા-મોટા પરિવારો ત્યાં શિફ્ટ થઈ રહ્યા છે. મિત્તલનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે બ્રિટનમાંથી ઘણા મોટા બિઝનેસમેન્સ અને રોકાણકારો પલાયન કરી રહ્યા છે. કારણ છે ત્યાંની પોલિસીમાં સ્થિરતાની કમી અને આવનારા સમયમાં ટેક્સ વધવાની આશંકા.

રિપોર્ટ મુજબ રેવૉલૂટના કો-ફાઉન્ડર નિક સ્ટોરોન્સ્કી પણ કેપિટલ ગેઈન્સ ટેક્સનો ભારે ભરખમ બિલ ન આપવો પડે તે માટે UAE શિફ્ટ થઈ ચૂક્યા છે.

ભારતમાં જન્મેલા હરમન નરુલા પણ બ્રિટન છોડીને દુબઈ શિફ્ટ થઈ રહ્યા છે. તેઓ ઈમ્પ્રોબેબલ AIના માલિક છે અને 2 વર્ષની ઉંમરથી બ્રિટનમાં જ રહી રહ્યા છે.

આ પગલું બ્રિટનની સરકાર માટે મુશ્કેલી ઊભી કરી શકે છે, કારણ કે મિત્તલ જેવા લોકો માત્ર ટેક્સ જ નથી આપતા, પરંતુ નોકરીઓ અને રોકાણ પણ લાવે છે. લેબર પાર્ટીની આ નીતિ ધનિકોને બ્રિટન છોડવાનો ખતરો પેદા કરી રહી છે. આવામાં ઘણા ગ્લોબલ બિઝનેસમેન બ્રિટન છોડવાનું વિચારી રહ્યા છે.

સરકારનો ઉદ્દેશ્ય દેવું ચૂકવવું અને વેલફેર યોજનાઓને મજબૂત કરવી છે, પરંતુ વિવેચકો કહે છે કે તેનાથી બ્રિટનની અર્થવ્યવસ્થાને નુકસાન થઈ શકે છે.

ફોર્બ્સની ધનિકોની યાદી મુજબ લક્ષ્મી મિત્તલની નેટવર્થ લગભગ 1.8 લાખ કરોડ છે. તેઓ ભારતના 12મા અને દુનિયાના 104મા સૌથી ધનિક વ્યક્તિ છે.

તેઓ દુનિયાની સૌથી મોટી સ્ટીલ કંપની આર્સેલરમિત્તલના ચેરમેન છે. મિત્તલ 1995માં લંડન શિફ્ટ થયા હતા અને જલદી જ બ્રિટનના સૌથી મોટા ભારતીય બિઝનેસમેન બની ગયા.

2019માં મિત્તલ અને જાપાનની નિપ્પોન સ્ટીલે મળીને એસ્સાર સ્ટીલને 59,000 કરોડમાં ખરીદી હતી. આ ડીલ તે વર્ષના સૌથી મોટા સમાચારોમાંથી એક હતી.

2021માં મિત્તલે CEOની ખુરશી પોતાના પુત્ર આદિત્ય મિત્તલને સોંપી દીધી, પરંતુ તેઓ આજે પણ એક્ઝિક્યુટિવ ચેરમેન છે એટલે કે કંપનીની બધી મોટી સ્ટ્રેટેજી પર તેમની નજર રહેલી છે.

લંડનના સૌથી મોંઘા વિસ્તાર કેન્સિંગ્ટન પેલેસ ગાર્ડન્સ (જેને બિલિયોનિયર્સ રો કહે છે)માં તેમની ઘણી પ્રોપર્ટી છે. આમાં સૌથી જાણીતી છે 'તાજ મિત્તલ' નામની પ્રોપર્ટી.

રિપોર્ટ મુજબ લંડનમાં તેમનું મોટું ઠેકાણું બની રહેશે, પરંતુ બેઝ દુબઈ અને સ્વિટ્ઝર્લેન્ડ શિફ્ટ કરી રહ્યા છે, જેથી આવનારી પેઢીને ઈનહેરિટન્સ ટેક્સ ન આપવો પડે.

# સોનું ₹89 ઘટીને ₹1.23 લાખ પ્રતિ 10 ગ્રામ થયું : ચાંદી ₹1,925 વધીને ₹1.53 લાખ પ્રતિ કિલો વેચાઈ રહી છે, જુઓ કેરેટ મુજબ સોનાનો ભાવ

નવી દિલ્હી, તા.24

24 નવેમ્બરના રોજ સોનાના ભાવમાં ઘટાડો થયો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, સોનાનો ભાવ 89 ઘટીને 1,23,057 પ્રતિ 10 ગ્રામ થયો છે. અગાઉ, ભાવ 1,23,146 પ્રતિ 10 ગ્રામ હતો. અમદાવાદમાં આજે 24 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ 1,25,180 છે.

ચાંદીનો ભાવ 1,925 વધીને 1,53,054 પ્રતિ કિલોગ્રામ થયો. અગાઉ, તેની કિંમત 1,51,129 પ્રતિ કિલોગ્રામ હતી. 17 ઓક્ટોબરના રોજ સોનાનો ભાવ 1,30,874 ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યો હતો અને 14 ઓક્ટોબરના રોજ ચાંદીનો ભાવ 1,78,100 ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યો હતો.



IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી દર શહેરોમાં અલગ અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 46,895નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,23,057 થયો છે.

આ દરમિયાન ચાંદીના ભાવમાં પણ 67,037નો વધારો થયો છે. એક કિલોગ્રામ ચાંદીનો ભાવ, જે 31 ડિસેમ્બર, 2024ના રોજ 86,017 હતો, તે હવે વધીને 1,53,054 પ્રતિ કિલોગ્રામ થયો છે.

નિષ્ણાતોના મતે, આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધઘટ થઈ શકે છે. જોકે, લગ્નની મોસમ શરૂ થઈ ગઈ છે, જે સોનાને સપોર્ટ પૂરો પાડશે. પરિણામે, આગામી દિવસોમાં તેની કિંમત ફરી એકવાર 1.25 લાખ સુધી પહોંચી શકે છે.

હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર 6-અંકનો હોલમાર્ક કોડ હોય છે. એને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર અથવા HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યુમેરિક છે, એટલે કે કંઈક આના જેવો - AZ4524. હોલમાર્કિંગ દ્વારા સોનું કેટલા કેરેટનું છે એ જાણી શકાય છે.

ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી તપાસો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે. 24 કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ એમાંથી ઘરેણાં બનાવવામાં આવતા નથી, કારણ કે એ ખૂબ જ નરમ હોય છે. સામાન્ય રીતે 22 કેરેટ કે તેથી ઓછા કેરેટ સોનાનો ઉપયોગ ઘરેણાં માટે થાય છે.

# PM મોદીએ કહ્યું- આતંકવાદમાં AIના ઉપયોગ પર પ્રતિબંધ લાગે : G20 સમિટમાં કહ્યું- ટેકનોલોજી માનવ-કેન્દ્રિત હોવી જોઈએ, નાણાં-કેન્દ્રિત નહીં

જોહાનિસબર્ગ, તા.24

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જોહાનિસબર્ગમાં G20 સમિટના ત્રીજા સત્રમાં કહ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના દુરુપયોગને રોકવા માટે વિશ્વએ એક વૈશ્વિક કોમ્પેક્ટ બનાવવો જોઈએ.

તેમણે કહ્યું કે AI સહિતની તમામ મહત્વપૂર્ણ ટેકનોલોજીઓ માનવ-કેન્દ્રિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ વૈશ્વિક ભલા માટે થવો જોઈએ. તેમણે ઉમેર્યું કે ટેકનોલોજી માનવ-કેન્દ્રિત હોવી જોઈએ, નાણાં-કેન્દ્રિત નહીં.

મોદીએ કહ્યું કે AIએ માનવતાની સૌથી ગહન ટેકનોલોજી છે, પરંતુ તેનો ઉપયોગ વૈશ્વિક હિત માટે થવો જોઈએ. ડીપફેક, ગુના અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં AIના



ઉપયોગ પર કડક નિયંત્રણો લાદવા જોઈએ.

માનવ જીવન, સુરક્ષા અથવા જાહેર વિશ્વાસને અસર કરતી AI સિસ્ટમો જવાબદાર અને ઓડિટેબલ હોવી જોઈએ. તેમણે ભાર મૂક્યો કે AIએ માનવ ક્ષમતાઓમાં વધારો કરવો જોઈએ, પરંતુ નિર્ણયોની જવાબદારી માનવીઓ પર જ રહેવી જોઈએ.

ટેકનોલોજીને વૈશ્વિક સ્તરે ઓપન સોર્સ બનાવવાની અપીલ મોદીએ કહ્યું કે ટેકનોલોજી રાષ્ટ્રીય નહીં પણ વૈશ્વિક હોવી જોઈએ અને ઓપન સોર્સ મોડેલને પ્રાથમિકતા આપવી જોઈએ.

તેમણે કહ્યું કે ભારતની અવકાશમાં ટેકનોલોજી સિસ્ટમ, AI, ડિજિટલ ચુકવણીઓ આ વિઝન પર બનેલી છે, જેનાથી વિશ્વ કક્ષાના પરિણામો મળ્યા છે.

# સેન્સેક્સ 100 પોઈન્ટ વધ્યો : 85,300 પર ટ્રેડિંગ, નિફ્ટી 50 પોઈન્ટ વધ્યો, IT અને બેંકિંગ શેરોમાં તેજી

મુંબઈ, તા.24

24 નવેમ્બરના રોજ શેરબજાર ઊંચે ટ્રેડ થઈ રહ્યું છે. સેન્સેક્સ લગભગ 100 પોઈન્ટ વધીને 85,300 પર ટ્રેડ થઈ રહ્યો છે. નિફ્ટી પણ લગભગ 50 પોઈન્ટ વધીને 26,100 પર પહોંચી ગયો છે.

આજે IT અને બેંકિંગ શેરોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે, જ્યારે ઊર્જા અને ઓટો શેરોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સુદીપ ફાર્માના IPOનો આજે બીજો દિવસ છે. 25 નવેમ્બર સુધી બોલી લગાવી શકાય છે.




સુદીપ ફાર્મા IPO સંબંધિત મહત્ત્વપૂર્ણ તારીખ

| ઈવેન્ટ | તારીખ |
|---|---|
| IPO ઓપનિંગ | 21 નવેમ્બર |
| IPO બંધ | 25 નવેમ્બર |
| શેર અલોટ્મેન્ટ | 26 નવેમ્બર |
| રિફંડ/શેર ક્રેડિટ | 27 નવેમ્બર |
| લિસ્ટિંગ | 28 નવેમ્બર |

એશિયન બજારોમાં તેજી

એશિયન બજારો: કોરિયાનો કોસ્પી 0.97% વધીને 3,890 પર ટ્રેડ થઈ રહ્યો છે, અને હોંગકોંગનો હેંગ સેંગ 2.38% વધીને 25,544 પર ટ્રેડ થઈ રહ્યો છે. જાપાનનો નિક્કી આજે બંધ છે.

યુએસ બજારો: 21 નવેમ્બરના રોજ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 1.08% વધીને 46,245 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ 0.88% અને S&P 500 0.98% વધ્યો.

નવેમ્બરમાં વિદેશી રોકાણકારોએ 13,840 કરોડ રૂપિયાના શેર વેચ્યા નવેમ્બરમાં વિદેશી રોકાણકારો (FII) એ ભારતીય શેર વેચ્યા હતા. શુક્રવારે, FII એ 1,766 કરોડ પાછા ખેંચી લીધા હતા, જેનાથી આ મહિને તેમનો કુલ આઉટફ્લો 13,840 કરોડ થયો હતો. ઓક્ટોબરમાં, વિદેશી રોકાણકારોએ 2,346 કરોડના શેર વેચ્યા હતા.

ગયા અઠવાડિયે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો ગયા અઠવાડિયાની શરૂઆતમાં, શેરબજારમાં ઘટાડો થયો હતો. શુક્રવાર, 21 નવેમ્બરના રોજ, સેન્સેક્સ 401 પોઈન્ટ ઘટીને 85,232 પર બંધ થયો. નિફ્ટી પણ 124 પોઈન્ટ ઘટીને 26,068 પર બંધ થયો.

# બિટકોઇન ક્રેશ થતાં જ ટ્રમ્પને કરોડોનું નુકસાન, નેટવર્થમાં એકઝાટકે 9800 કરોડનું ગાબડું....

વૉશિંગ્ટન, તા.24

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આર્થિક મોરચે મોટું નુકસાન થયું છે. ફોર્બ્સના એક રિપોર્ટ અનુસાર, ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં આવેલા ભૂકંપ અને ખાસ કરીને બિટકોઈનના ભાવમાં થયેલા મોટા ઘટાડાને કારણે તેમની કુલ સંપત્તિ (Net Worth)માં 1.1 અબજ ડૉલર(અંદાજે 9,165 કરોડ)નો જંગી ઘટાડો નોંધાયો છે.

ફોર્બ્સના નવા રિપોર્ટ મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પની કુલ સંપત્તિ ઘટીને 6.2 અબજ ડૉલર થઈ ગઈ છે, જે સપ્ટેમ્બર મહિનામાં 7.3 અબજ ડૉલર હતી. આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ તેમની ટૅક્નોલૉજી કંપની 'ટ્રમ્પ મીડિયા ઍન્ડ ટૅક્નોલૉજી ગ્રૂપ'(TMTG)ના શેરમાં આવેલો ભારે કડાકો છે. આ કંપની DJT ટિકર હેઠળ વેપાર કરે છે.

ગત શુક્રવારે બિટકોઈન સહિત અન્ય ક્રિપ્ટોકરન્સીમાં થયેલા ભારે વેચાણના દબાણ હેઠળ TMTGનો



શેર 10.18 ડૉલર સુધી ગગડી ગયો હતો, જે તેનું અત્યાર સુધીનું સૌથી નીચલું સ્તર છે. છેલ્લા કેટલાક સમયથી આ શેરમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લા 1 મહિનામાં શેરમાં 35% અને છેલ્લા છ મહિનામાં 55%નો જંગી ઘટાડો થયો છે.

નોંધનીય છે કે સપ્ટેમ્બર 2025 સુધી ડોનાલ્ડ ટ્રમ્પની સંપત્તિમાં જોરદાર વધારો જોવા મળ્યો હતો. ગત વર્ષની સરખામણીમાં તેમની નેટવર્થમાં 3 અબજ ડૉલરનો ઉછાળો આવ્યો હતો. આ વધારા સાથે જ તેઓ ફોર્બ્સની અમેરિકાના 400 સૌથી અમીર લોકોની યાદીમાં 201મા સ્થાને પહોંચી ગયા હતા. પરંતુ હવે અચાનક તેમની સંપત્તિમાં મોટો ઘટાડો થયો છે.

રિપોર્ટ અનુસાર, ટ્રમ્પની સંપત્તિમાં થયેલો વધારો મુખ્યત્વે તેમના પરિવારના ક્રિપ્ટો રોકાણોને કારણે હતો, જેમાં ગયા વર્ષે જાહેર થયેલ બિઝનેસ 'વર્લ્ડ લિબર્ટી ફાઈનાન્સિયલ' પણ સામેલ છે. આ ફર્મને ક્રિપ્ટો ઉદ્યોગપતિ જસ્ટિન સન પાસેથી 75 મિલિયન ડૉલરનું રોકાણ પણ મળ્યું હતું.આ કંપનીએ 100 અબજ $WLFI ટોકન બનાવ્યા હતા, જેમાંથી 22.5 અબજ ટોકન એક એવી LLCને આપવામાં આવ્યા હતા જેમાં ટ્રમ્પની લગભગ 70% હિસ્સેદારી છે. લોન્ચ સમયે આ ટોકનની કિંમત 0.31 ડૉલર હતી, જે હવે ઘટીને માત્ર 0.158 ડૉલર રહી ગઈ છે.

જો વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી બિટકોઈનની વાત કરીએ તો, 6 ઑક્ટોબરે તેની કિંમત લગભગ 1,25,000 ડૉલરની ટોચે પહોંચી ગઈ હતી. પરંતુ ત્યારથી તેમાં 30%થી વધુનો ઘટાડો થયો છે અને હાલમાં તે 86,174 ડૉલર પર ટ્રેડ કરી રહી છે. માત્ર છેલ્લા એક મહિનામાં જ બિટકોઈનના ભાવમાં લગભગ 22%નો ઘટાડો જોવા મળ્યો છે, જેની સીધી અસર ટ્રમ્પના રોકાણો પર પડી છે.

# હવે X (ટ્વિટર) કરશે પર્દાફાશ! : નવું ફીચર જણાવશે કે તમે ક્યાંથી છો

## કેટલીવાર યુઝરનેમ બદલ્યું અને પ્રોફાઇલ ક્યારે બનાવી, ફેક એકાઉન્ટ્સ સરળતાથી ઓળખાશે

મુંબઈ, તા.24

ઈલોન મસ્કની કંપની X ફરી એકવાર ટેક જગતમાં સમાચારમાં છે કારણ કે પ્લેટફોર્મે એક એવું ફીચર લોન્ચ કરવાનું શરૂ કર્યું છે જે યુઝર્સની પ્રોફાઇલ પરની ઘણી મહત્વપૂર્ણ માહિતી આપમેળે જાહેર કરશે. આ નવું ટૂલ 'About This Account' નામથી બહાર પાડવામાં આવ્યું છે, જેનો હેતુ પ્લેટફોર્મ પર વધતી જતી નકલી એકાઉન્ટ્સ, બોટ્સ અને AI-આધારિત પ્રવૃત્તિઓને ઓળખવામાં મદદ કરવાનો છે. 'About This Account' શું છે? આ સેકશન યુઝરના એકાઉન્ટનું લોકેશન, પ્રોફાઇલ ક્યારે બનાવવામાં આવી હતી, યુઝરનેમ કેટલી વાર બદલાયું છે અને એપ ક્યાંથી ડાઉનલોડ કરવામાં આવી હતી જેવી માહિતી બતાવશે, જેથી લોકો સમજી શકે કે



એકાઉન્ટ વાસ્તવિક છે કે શંકાસ્પદ.

X એ ઓક્ટોબરમાં આ ફીચર્સનો સૌપ્રથમ ઉપયોગ કર્યો હતો, જ્યારે કંપનીના પ્રોડક્ટ હેડ, નિકિતા બીઅરે કહ્યું હતું કે- તેનું ટેસ્ટિંગ કર્મચારીઓની પ્રોફાઇલ પર કરવામાં આવશે. સ્પષ્ટ ધ્યેય લોકોને પૂરતો ડેટા પૂરો પાડવાનો હતો જેથી તેઓ નક્કી કરી શકે કે એકાઉન્ટ વિશ્વસનીય છે કે ફક્ત ખોટી માહિતી ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઉદાહરણ તરીકે, એક એકાઉન્ટ જે યુએસનું હોવાનો દાવો કરે છે પરંતુ તેનું સ્થાન બીજા દેશમાં હોવાનું જણાય છે તે તેના ઈરાદાઓ પર પ્રશ્નો ઊભા કરી શકે છે. હાલમાં, આ સુવિધા ફક્ત કેટલાક વપરાશકર્તાઓ માટે જ ઉપલબ્ધ છે, અને મોટે ભાગે તેમના પોતાના એકાઉન્ટ વિગતો જોવા માટે. ઘણા લોકો હજુ પણ અન્ય પ્રોફાઇલ્સની મુલાકાત લેતી વખતે પેનલ જોઈ શકતા નથી. આ રોલઆઉટ ઈરાદાપૂર્વકનું લાગે છે; X સંભવતઃ ઈચ્છે છે કે વપરાશકર્તાઓ પહેલા ખાતરી કરે કે તેમની પ્રદર્શિત માહિતી સાર્વજનિક રીતે દૃશ્યમાન થાય તે પહેલાં તે સચોટ છે. X એ કેટલીક સુગમતા પણ ઉમેરી છે. 'ગોપનીયતા અને સલામતી' સેટિંગ્સ હેઠળ, વપરાશકર્તાઓ પાસે દેશ અને પ્રદેશ દ્વારા તેમનું લોકેશન દર્શાવવાનો વિકલ્પ પણ છે. Instagram પહેલાથી જ આવી પારદર્શિતા સુવિધાઓ પ્રદાન કરે છે, અને હવે X પોતાને એક પારદર્શક પ્લેટફોર્મ તરીકે સ્થાપિત કરવા માટે સમાન પગલું ભરી રહ્યું છે. ઈન્સ્ટાગ્રામમાં પહેલાથી જ 'About This Account' સેકશન છે, અને Xનું વર્ઝન તે વિચારમાંથી લેવાયેલું લાગે છે. પરંતુ હવે સમય પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ છે: ખોટી માહિતી અને AI-નિર્મિત કન્ટેન્ટ ઝડપથી ફેલાતી હોવાથી, વપરાશકર્તાઓ ઘણીવાર કોની સાથે વાતચીત કરી રહ્યા છે તે ચકાસવામાં સંઘર્ષ કરે છે. X ની નવી સુવિધા નકલી એકાઉન્ટ્સને તાત્કાલિક દૂર કરશે નહીં, પરંતુ તે લોકોને સંદર્ભ માટે એક મદદ પૂરી પાડે છે, અને ભ્રામક પોસ્ટ્સનો ભોગ બને તે પહેલાં તેમને ચેતવણી આપવાની વધુ સારી તક આપે છે. રહસ્યમય પ્રોફાઇલ્સથી ભરેલા પ્લેટફોર્મમાં, થોડી પારદર્શિતા પણ ઘણી મદદ કરી શકે છે.

**મોટોવર્સ 2025 - રોયલ એનફિલ્ડ ફ્લાઈંગ ફ્લી S6 રજૂ થયું**

# ભારતનું પહેલું સ્ક્રેમ્બલર-સ્ટાઇલ ઇલેક્ટ્રિક બાઇક, ફુલ ચાર્જ પર 150 કિમી દોડવા સક્ષમ

નવી દિલ્હી

ભારતીય ટુ-વ્હીલર ઉત્પાદક રોયલ એનફિલ્ડે ગોવામાં ચાલી રહેલા મોટોવર્સ 2025 બાઈકિંગ ઈવેન્ટમાં ફ્લાઈંગ ફ્લી S6 ઈલેક્ટ્રિક બાઈક રજૂ કરી છે. આ ભારતની પ્રથમ સ્ક્રેમ્બલર સ્ટાઈલવાળી ઈલેક્ટ્રિક મોટરસાઈકલ છે. તાજેતરમાં ઈટાલીના મિલાનમાં EICMA 2025 ઓટોમોટિવ શોમાં તેનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ કંપનીની બીજી ઈલેક્ટ્રિક બાઈક છે. આ પહેલા, કંપનીએ ગયા વર્ષે મોટોવર્સ 2024માં તેની પહેલી ઈલેક્ટ્રિક બાઈક, ફ્લાઈંગ ફ્લી C6 રજૂ કરી હતી. નવી ઈ-બાઈક એ C6 નું સ્ક્રેમ્બલર વર્ઝન છે, જે રેટ્રો લુક સાથે ઓફ-રોડ રાઈડિંગ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. કંપની કહે છે કે તે પ્રીમિયમ ઈલેક્ટ્રિક સ્ક્રેમ્બલર સેગમેન્ટમાં પ્રવેશ કરશે, જેમાં ફ્રેમ-માઉન્ટેડ ઈલેક્ટ્રિક મોટર અને ચેઈન ડ્રાઈવથી ઉચ્ચ ટોર્ક હશે. તે 2027 ની શરૂઆતમાં લોન્ચ થઈ શકે છે અને તેની કિંમત 2.30 લાખ (એક્સ-શોરૂમ) હશે. ફ્લાઈંગ ફ્લી S6 ની ડિઝાઈન રેટ્રો સ્ક્રેમ્બલર સ્ટાઈલ પર આધારિત છે. તેમાં રાઉન્ડ LED હેડલાઈટ, ટિયરડ્રોપ આકારની ફ્યુઅલ ટેન્ક અને સ્લિમ પ્રોફાઈલ છે. સીટ નીચે ગોલ્ડ-ફિનિશ્ડ ઈન્વર્ટેડ ફોર્ક્સ પ્રીમિયમ ટચ ઉમેરે છે. એન્ડુરો-સ્ટાઈલ સીટ શહેર અને ઑફ-રોડ બંને જગ્યાએ સવારને આરામ આપશે. ડાયમેન્શનની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, પરંતુ સ્લિમ બોડી હળવા વજનની ખાતરી આપે છે. એક્સ્પેક્ટેડ કલર ઓપ્શન મેટ બ્લેક અથવા લીલા રંગના શેડ્સ છે, જે રેટ્રો વાઈબ આપશે. પરફોર્મન્સ માટે, S6 માં ચેઈન ડ્રાઈવ સાથે ફ્રેમ-માઉન્ટેડ ઈલેક્ટ્રિક મોટર છે, જે હાઈ ઈનિશિયલ ટોર્ક પ્રદાન કરે છે. તે ખાસ કરીને ઑફ-રોડ અને ટ્રેઈલ રાઈડિંગ માટે યોગ્ય છે. મેગ્નેશિયમ કેસીંગ સાથે ફિન્ડ બેટરી પેક, પેસિવ એર-કૂલિંગ સાથે વજનને ઑપ્ટિમાઈઝ કરે છે. કંપનીનો દાવો છે કે ફુલ ચાર્જ પર 150 કિમીની રેન્જ મળશે. ચાર્જિંગની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, પરંતુ OTA અપડેટ્સ બેટરી મેનેજમેન્ટને સરળ બનાવશે. EVમાં છ રાઈડિંગ મોડ હશે, જેમાં ઓફ-રોડ, કસ્ટમ અને ફોરવર્ડ/રિવર્સ ક્રોલનો સમાવેશ થાય છે.

# ઈસનપુર તળાવમાં મેગા ડિમોલિશન: 925 ગેરકાયદે મકાનો તોડી પડાશે





**અમદાવાદ, તા.24**

અમદાવાદમાં ચંડોળા તળાવ બાદ સૌથી મોટું મેગા ડિમોલિશન શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ઈસનપુર તળાવમાં કરવામાં આવી રહ્યું છે. ઈસનપુર તળાવમાં છેલ્લાં અનેક વર્ષોથી દબાણો કરવામાં આવ્યાં હતાં. ચંડોળા તળાવની જેમ જ ઈસનપુર તળાવમાં 1,000થી વધારે લોકો રહે છે. તમામ દબાણોને દૂર કરવા માટેની કાર્યવાહી આજે 24 નવેમ્બરના રોજ સવારે શરૂ કરાઈ હતી. 20 JCB મશીન, 500 મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ અને મજૂરોએ ચુસ્ત પોલીસ-બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરી હતી. ઈસનપુર અમદાવાદનું ત્રીજા નંબરનું મોટું તળાવ છે. પહેલા તળાવમાં 167 કોમર્શિયલ બાંધકામ તોડાયાં હતાં ત્યારે હવે 925 રહેણાક બાંધકામ તોડવામાં આવી રહ્યાં છે. મ્યુનિસિપલ કોર્પોરેશને ચોમાસા પહેલાં રહેણાક મકાનોને નોટિસ પાઠવી હતી, પરંતુ દિવાળીના કારણે ડિમોલિશન કરાયું નહોતું.

હાલ 4 ભાગમાં ડિમોલિશનની કામગીરી ચાલુ છે. અગાઉ 20 નવેમ્બરના રોજ ડિમોલિશન કરવાનું હતું, પરંતુ સ્થાનિકોએ 4 દિવસનો સમય માગતાં આજે 24 નવેમ્બરે ડિમોલિશન કાર્યવાહી શરૂ કરાઈ છે.

ડિમોલિશનને લઈને 10 નાગરિક હાઈકોર્ટમાં ગયા હતા અને હાઈકોર્ટે વોટર બોડી હોવાને કારણે ડિમોલિશન માટે હુકમ કર્યો હતો, સાથે જ તે 10 લોકોને સમય આપવા કહ્યું હતું.

વહેલી સવારથી મ્યુનિસિપલ કોર્પોરેશનના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરોને દબાણો દૂર કરવા માટે અલગ-અલગ જગ્યાની જવાબદારી સોંપવામાં આવી છે. ઈસનપુર તળાવના ચારે તરફથી જેસીબી મશીન અને હિટાચી મશીનની મદદથી દબાણો તોડવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. 20 JCB, હિટાચી મશીન અને મજૂરોની મદદથી દબાણો દૂર કરવામાં આવી રહ્યાં છે. અમદાવાદ શહેર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ACP, PI, PSI અને પોલીસ કોન્સ્ટેબલો મળી કુલ 500 પોલીસકર્મચારીનો ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવાયો છે.

સ્થાનિકો સાથે છેલ્લા એક સપ્તાહથી અમે સંપર્કમાં છીએ. અંદાજિત 70-80 ટકા લોકોએ પોતે જ મકાનો ખાલી કરી નાખ્યા છે. બાકીના લોકો પોતાનો સામાન લઈને નીકળી રહ્યા છે. હજુ 2-3 દિવસ કાર્યવાહી ચાલવાનું અનુમાન છે જેને લઈને પૂરતો પોલીસ બંદોબસ્ત આપવામાં આવ્યો છે.

ઈસનપુર રામવાડી તરફ અને સબ ઝોનલ ઓફિસ તરફ જવાના રોડને અચાનક જ બંધ કરી દેવાયો હતો, જેના કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કોઈપણ જાહેરાત વિના જ રોડ બંધ કરી દેવાતાં સ્થાનિકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

કોર્પોરેશનની કાર્યવાહીને લઈને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. ઈસનપુર તળાવમાં 50 વર્ષથી વધુ સમયથી રહેનારા નાગરિકોને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મકાનો આપવાની વાત કરવામાં આવી હતી, પરંતુ મકાનો આપ્યાં વિના જ દબાણો દૂર કરવામાં આવતાં રોષ ફેલાયો છે. રહીશો છેલ્લાં 50 વર્ષથી વધુ સમયથી રહે છે ત્યારે તેમને મકાન આપવા માટેની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ કોઈપણ મકાન આપ્યા વિના માત્ર ફોર્મ ભરાવી મકાનો ખાલી કરાવી દૂર કરવામાં આવતાં ગરીબ લોકો બેઘર થઈ ગયા છે.

સ્થાનિક મહિલાઓએ રડતાં રડતાં પોતાની આપવીતી જણાવતાં કહ્યું હતું કે અમે વર્ષોથી આ જગ્યા પર રહીએ છીએ. આટલાં વર્ષો પછી દબાણો દૂર કરવામાં આવ્યાં છે. અમને મકાનો આપવાની વાત કરી હતી, પરંતુ મકાન આપ્યા વિના જ દબાણો તોડી પાડવામાં આવ્યાં છે.

રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તળાવોને ડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યાં છે ત્યારે શહેરમાં આવેલાં તળાવો પરનાં દબાણો દૂર કરવાની શરૂઆત થઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફરી એકવાર શહેરમાં મેગા ડિમોલિશન કરવામાં આવ્યું છે. ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશન બાદ ઈસનપુર તળાવમાં થયેલા ગેરકાયદે દબાણોને દૂર કરવાની કાર્યવાહી વહેલી સવારથી શરૂ કરાઈ છે. ઈસનપુર તળાવમાં છેલ્લાં 40 વર્ષથી વધુ સમયથી તળાવની આસપાસની જગ્યામાં દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

6 નવેમ્બર, 2024ના રોજ સુપ્રીમ કોર્ટે ઉત્તરપ્રદેશ સરકારની કામગીરીને 'ગેરકાયદે' જણાવીને કહ્યું હતું કે કોઈપણ ડિમોલિશનની કામગીરી પ્રક્રિયા અનુસાર કરવામાં આવવી જોઈએ અને પરિવારને એ મિલકત ખાલી કરવા માટે પૂરતો સમય આપવો જરૂરી છે.

કોર્ટે ઉત્તરપ્રદેશ સરકારને દરેક અસરગ્રસ્ત પરિવારને રૂ. 25 લાખ દંડ પેટે ચૂકવવા માટે આદેશ આપ્યો હતો, જે આ પ્રકારના ડિમોલિશન માટે કાયદેસરની સત્તા ન હોવાને હાઈલાઈટ કરે છે.

## 'બીમાર કર્મચારીઓને વર્કલોડથી મુક્તિ આપો' : શહેર કોંગ્રેસ પ્રમુખનું કલેક્ટરને આવેદનપત્ર

### SIR કામગીરીમાં મૃત્યુ પામેલા BLOના પરિવારને નોકરી-આર્થિક સહાય આપવાની માગ કરી....

**વડોદરા, તા.24**

ગુજરાતમાં હાલમાં ચૂંટણીને લઈને SIR કામગીરી ચાલી રહી છે ત્યારે વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા આજે કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે. તેઓએ માંગ કરી છે કે, વડોદરામાં BLO સહાયકનું મોત વધારે પડતા કામના ભારણને લઈ થયું છે. તેઓના પરિવારને નોકરી અને આર્થિક સહાય તાત્કાલિક આપવામાં આવે. આ સાથે જ વધુ પડતા કામના ભારણમાંથી બીમાર કર્મીઓને મુક્ત કરવામાં આવે એવી માંગ કરી છે.



વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિક જોશીએ જણાવ્યું હતું કે, વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે. અગાઉ પણ અમે ત્રણવાર રજૂઆત કરી છે તેનું કોઈ પરિણામ મળ્યું નથી. વડોદરા શહેરમાં SIR કામગીરીમાં BLO સહાયક બહેને જીવ ગુમાવ્યો છે અને તેઓને હાર્ટ અટેક આવ્યું હતું. આજે બહેનોએ સ્કૂલ, ઘર અને આ કામગીરીના કારણે વધુ પડતો લોડ હોવાથી આ ઘટના બની છે. તેઓના પરિવારને આર્થિક સહાય અને બીજા લાભ મળવા જોઈએ.

વધુમાં કહ્યું કે, બીજા જે BLO કે સહાયક કામગીરી કરી રહ્યા તેઓમાં કોઈને બીમારી હોય તેઓને આ કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવે તેવી રજૂઆત કરી છે. આ સાથે એકેડેમિક વર્ક ચાલે છે તેઓને પણ રજા આપો જેથી એક કામ સારી રીતે થાય અને આવી ઘટના ન બને. પરંતુ સરકારી કચેરીઓ દ્વારા એક શિક્ષકને ત્રણ-ત્રણ અને ચાર-ચાર ગામ એકસાથે આપે છે તેના કારણે વધારે વર્કલોડ થાય છે. અમારી માંગ છે કે, ત્રણ મહિના સુધી આ કામગીરી લંબાવવામાં આવે એવી માંગ છે.

વધુમાં કહ્યું કે, SIR કામગીરી પર અમને બધાને સવાલ છે, આગામી કોર્પોરેશનની ચૂંટણીમાં આ મતદાર યાદી પ્રમાણે મતદાન કરાવી કોર્પોરેશનમાં ગડબડ કરાવવી છે. કારણ કે વડોદરામાં ભાજપનો વિરોધ બહુ જ છે, પ્રજાજનો ભાજપથી કંટાળી ગયા છે. ત્યારે ભાજપના નેતાઓએ ભેગા થઈ આખું ષડયંત્ર રચ્યું છે. બહારની જેમ અહીંયા પણ મતદારોના નામ કાઢી નાખશે તેઓ લોકોમાં ભય છે. આ બાબતે અમે આજે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે.

## ફિક્સ પગારના કર્મચારીઓ હવે વધારાની જવાબદારીથી ખુશ થઈ જશે

### સેમ કેડર માટે 5% અને સિનિ.લેવલના વધારાના ચાર્જ માટે 10% ભથ્થું મળશે, આ રીતે થશે સીધો ફાયદો

**ગાંધીનગર, તા.24**

રાજ્ય સરકારના વર્ગ-3 અને વર્ગ-4ના ફિક્સ પગાર કર્મચારીઓને સોંપાયેલા વધારાના કાર્ય માટે હવે ચાર્જ એલાઉન્સ આપવા અંગે નાણાં વિભાગે નવા પરિપત્ર દ્વારા મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. પહેલા ફિક્સ પગારના કર્મચારીને જૂના પગાર પ્રમાણે એલાઉન્સ ચૂકવાતું હતું, પરંતુ હવે પગાર વધારો થયા પછી નવા પગાર પ્રમાણે એલાઉન્સ ચૂકવાશે.

જો કોઈ ક્લાર્ક જ હોય અને તેનો જ હવાલો એટલે કે સેમ કેડરનો જ ચાર્જ સોંપ્યો હોય તો 5 ટકા, પણ સિનિયર લેવલનો વધારાનો ચાર્જ આપ્યો હોય તો 10 ટકા ચાર્જ એલાઉન્સ મળવાપાત્ર થશે. ઉદાહરણ તરીકે...ફિક્સ પગારના કર્મચારીને પગાર 30000 હોય તો સેમ કેડરના ચાર્જ માટે એલાઉન્સ 5 ટકા એટલે કે 1500 ચૂકવાશે અને સિનિયર જગ્યાનો વધારાનો હવાલો આપવામાં આવે તો 10 ટકા એટલે કે 3000 એલાઉન્સ ચૂકવાશે. ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિયેશન દ્વારા છેલ્લા કેટલાક મહિનાથી સરકાર સમક્ષ આ મુદ્દે રજૂઆત કરવામાં આવી રહી હતી, જેના પગલે નાણાં વિભાગે તાજેતરમાં બહાર પાડેલા આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે 20 ઓક્ટોબર, 2021 પછી નિમણૂક પામેલા અને હાલ ફિક્સ પગાર પર ફરજ બજાવતા કર્મચારીઓને પણ જો તેમને વધારાની જવાબદારી સોંપવામાં આવી હોય, તો 10% ચાર્જ એલાઉન્સ ચૂકવવામાં આવશે. આ પહેલાં આ લાભ માત્ર કાયમી થયેલા અથવા નિયમિત કર્મચારીઓને મળતો હતો, જેના કારણે વર્ગ-3ના ઘણા કર્મચારીઓ સાથે અન્યાય થતો હોવાની ફરિયાદો ઊઠી હતી.



## ભરુચના નેત્રંગની 11 વર્ષીય બાળકીનું SSGમાં મોત : દીકરી સાથે અઘટિત ઘટના બની હોવાના પરિવારના આક્ષેપ....

**વડોદરા, તા.24**

ભરૂચ જિલ્લામાં આવેલ નેત્રંગની 11 વર્ષીય બાળકીને 22 નવેમ્બરના રોજ વડોદરાની સયાજી હોસ્પિટલમાં રાજપીપળાથી રિફર કરી સારવાર માટે લાવવામાં આવી હતી. આ બાળકીને ડાયાબિટીસ અને શ્વાસની તકલીફ હોવાથી અર્ધ બેભાન અવસ્થામાં સયાજી હોસ્પિટલમાં પીડિયાટ્રીક વિભાગમાં દાખલ કરવામાં આવી હતી. આજરોજ બાળકીનું સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારજનોએ બાળકી સાથે અઘટિત ઘટના બની હોવાની આશંકા વ્યક્ત કરી છે. આ મામલે પરિવારજનોએ ગંભીર આક્ષેપો કર્યા છે. આ મામલે બાળકીના દાદાએ જણાવ્યું હતું કે, આ દીકરી મારી પ્રપૌત્રી છે. આ છોકરી સાથે ગત તારીખ 12ના રોજ કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરતી હતી. તેણે ઘરે આવવા માટે કોલ કર્યો હતો. આ દરમિયાન ગામનો એક છોકરો એની બહેનને મૂકવા માટે આ છાત્રાલયમાં ગયો હતો. જેથી તેઓની મેડમે કોલ કરી કહ્યું કે, તમારા ગામનો છોકરો આવેલો છે તો તમારી દીકરીને તેની સાથે બેસાડી દઉં છું, જેથી તે ત્યાંથી નીકળી હતી. વધુમાં કહ્યું કે, તે છોકરો ગામની સીમમાં તુવેર અને કપાસ ખેતરમાં તેની સાથે રેપ કર્યો હતો. બાળકીની તબિયત સારી ન હોવાથી ત્રણ દિવસ બાદ સ્નાન કરાવવા લઈ ગયા ત્યારે તેના શરીર પર નિશાનો જોઈ તેની કાકી દ્વારા પૂછપરછ કરતા બાળકીએ જણાવ્યું હતું કે, મારી સાથે ખરાબ થયું છે, તમે કોઈને કહેતા નહીં મને મારી નાખવાની ધમકી આપી છે. ત્યારબાદ આખી બાબત તેની કાકી સમક્ષ જણાવી હતી. બાદમાં દીકરીની સ્થિતિ બગડતા નેત્રંગ હોસ્પીટલમાં 16 તારીખે ખસેડવામાં આવી હતી. તે દરમ્યાન ત્યાં પોલીસ જમાદારે અમને કહ્યું કે છોકરી કમ્પ્લેટ છે ત્રણ ચાર દિવસ થઈ ગયા છે કેસમાં કઈ નથી.





વધુમાં જણાવ્યું કે, અમને જમાદારે સામેની પાર્ટી પાસેથી રૂપિયા લઈ લેવાનું જણાવ્યું હતું. તેઓ પાસેથી બે-ત્રણ લાખ લેવા માટે ઓફર કરાવવામાં આવી હતી. તેઓએ આવી ગંભીર આક્ષેપ કર્યા હતા. આ બાદ અમને સારવાર વધુ મળે તે માટે અમે રાજપીપળા અને ત્યારબાદ સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આવું કરનારને ફાંસીની સજા આપવી જોઈએ. સયાજી હોસ્પિટલમાં આજે બાળકીનુ મૃત્યુ થયું છે. ત્યારે પરિવારે ન્યાય મળે તેવી માંગ કરી છે. સાથે આ ઘટનામાં પૈસાની ઓફર કરનાર પોલીસ કર્મી સામે સરકાર કાર્યવાહી કરે તેવી માંગ કરી છે.

## શહેરમાં વાયરલ ઈન્ફેક્શનનાં દર્દીઓ વધ્યા : શરદી-ઉધરસનાં 1,248 કેસ

### વિવિધ રોગનાં 2228 દર્દીઓ નોંધાયા, રોગચાળો અટકાવવા ક્લોરીનેશનની કામગીરી

**રાજકોટ, તા.24**

રાજકોટમાં રોગચાળો સતત વકરી રહ્યો હોય તેમ હાલ વાયરલ ઈન્ફેક્શનનાં કેસોમાં ખાસ્સો વધારો થયો છે. જેમાં શરદી-ઉધરસનાં કેસોમાં મોટો ઉછાળો નોંધાયો છે. બીજીતરફ મચ્છરજન્ય તેમજ પાણીજન્ય રોગચાળો સતત યથાવત છે. જેમાં પાણીજન્ય રોગો ટાઈફોઈડ અને કમળો ઉપરાંત મચ્છરજન્ય ડેંગ્યુનાં કેસોમાં પણ યથાવત જોવા મળી રહ્યાં છે. મનપાનાં ચોપડે સપ્તાહમાં શરદી-ઉધરસનાં 1248 અને સામાન્ય તાવના 790 કેસ, ડેંગ્યુનાં 3 અને કમળાનાં 4 સહિત વિવિધ રોગના 2228 કેસ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. આરોગ્ય વિભાગે મચ્છરજન્ય રોગચાળો અટકાવવા ફોગીંગ અને પાણીજન્ય રોગચાળો અટકાવવા જે વિસ્તારોમાંથી કેસ સામે આવતા હોય તેવા વિસ્તારોમાં ક્લોરીનેશન અંગેની કામગીરી શરૂ કરી છે.



પ્રાપ્ત વિગત મુજબ છેલ્લા સપ્તાહમાં મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં મોટી સંખ્યામાં દર્દીઓ ઉમટી પડ્યા હતાં અને લાંબી-લાંબી કતારો જોવા મળી હતી. અને મનપાનાં ચોપડે વિવિધ રોગોનાં ગત સપ્તાહના 2,100 સામે ચાલુ સપ્તાહે 2,228 કેસ નોંધાયા છે. જેમાં શરદી-ઉધરસનાં 1248 કેસ, ઝાડા-ઉલટીનાં 180 જેટલા કેસ, સામાન્ય તાવનાં 790 કેસ નોંધાયા હતા. અને જોખમી કમળાનાં પણ વધુ 4 કેસ અને ટાઈફોઈડનાં પણ વધુ 2 કેસ નોંધાયા હતા. મચ્છરજન્ય રોગચાળામાં ડેંગ્યુનાં 3 અને મેલેરિયાનો 1 કેસ નોંધાયો છે. જોકે આંકડાઓ માત્ર સરકારી આરોગ્ય કેન્દ્રોનાં છે. ત્યારે નાના-મોટા ખાનગી ક્લિનિકો ધ્યાનમાં લઈ તો દર્દીનો કુલ આંકડો 9,500 કરતા વધુ હોવાની શક્યતા છે.

મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર અને આશા બહેનો દ્વારા ઘરે-ઘરે જઈને પોરાનાશક કામગીરી ઉપરાંત પાણીનું ક્લોરિન ટેસ્ટિંગ કરવાની એટલે કે રેસિડ્યુઅલ ક્લોરિન ટેસ્ટ કરવાની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત મચ્છરની ઉત્પત્તિ બદલ બેદરકારી રાખનારાઓની સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. છેલ્લા સપ્તાહમાં આવા 41 લોકો પાસેથી રૂ. 26,300 વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો છે.

પાણીજન્ય રોગચાળો અટકાવવા જ્યાં કન્ટામિનેશનની ફરિયાદો આવતી હોય તેમજ હિપેટાઈટિસ એટલે કે કમળા કેસ ઉપરાંત ટાઈફોઈડના અમુક કેસ છૂટાછવાયા કેસો સામે આવતા હોય તે વિસ્તારોમાં અમારી ટીમ દ્વારા દૈનિક દરેક કેસનું ટ્રેકિંગ કરવામાં આવે છે. અને પાણીમાં ક્લોરીનેશનની માત્રા ચકાસવા ઉપરાંત પાણીની લાઈનો અને ભૂગર્ભની લાઈનો એક થતી હોય ત્યાં તાત્કાલિક રીપેરીંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. મોટાભાગના વિસ્તારોમાં રાજકોટ મહાપાલિકા પાણીનું ડિસ્ટ્રિબ્યુશન કરે છે. અને એમાં સચોટ ક્લોરીનેશન શરૂ છે. અને એન્ડ પોઈન્ટ ઉપર 0.5 ppm જેટલું પાણીમાં ક્લોરિનનું લેવલ મળે એ પણ સુનિશ્ચિત કરવામાં આવે છે. પાણીજન્ય રોગચાળો અટકાવવા 778 ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, રોગચાળા દ્વારા ઊભા થતા આરોગ્ય પડકારને પહોંચી વળવા મહાનગરપાલિકા દ્વારા ઘનિષ્ઠ પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં વાહક નિયંત્રણની કામગીરી હેઠળ 56 મેલેરિયા ફિલ્ડવર્કર, 415 અર્બન આશા અને 115 વોલેન્ટીયર્સ દ્વારા તા. 17 નવેમ્બરથી 23 નવેમ્બર સુધી 32,627 ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. અને 817 જેટલા ઘરમાં ફોગીંગ સહિત કામગીરી કરવામાં આવી છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારમાં વ્હિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવી રહી છે.

ગતવર્ષની તુલનાએ હાલ ડેંગ્યુનાં કેસોમાં ઘટાડો થયો છે. ગતવર્ષે આ સમયગાળામાં ડેંગ્યુનાં કેસો વધુ હતા. જેની સામે હાલ સાપ્તાહિક છૂટાછવાયા માત્ર 2-4 કેસો સામે આવી રહ્યા છે. જે ખરેખર સારી બાબત છે. આમ છતાં જે કોઈ સ્થળેથી ડેંગ્યુના કેસો સામે આવે તે વિસ્તારમાં અમારી ટીમો દ્વારા ફોગીંગ સહિતની જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે. મનપા દ્વારા તમામ 18 વોર્ડમાં તાજેતરમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. જેને લઈને મેલેરિયા અને ચિકનગુનિયા મહદઅંશે નાબૂદ થયા હોય તેમ ચાલુ સપ્તાહે માત્ર 1-1 કેસ નોંધાયો છે.

આ ઉપરાંત રાજકોટ શહેરનાં વિવિધ વિસ્તારોમાં મચ્છર ઉત્પતિ સબબ બાંધકામ સાઈટ, સ્કૂલ, કોલેજો સહિત કુલ 682 પ્રિમાઈસીસમાં તપાસ કરવામાં આવી હતી. દરમિયાન રહેણાંકમાં 376 તો કોર્મશીયલમાં કુલ 197 જેટલા આસામીઓને નોટીસ ફટકારવામાં આવી હતી. તેમજ 41 જેટલા લોકો પાસેથી મચ્છરની ઉત્પત્તિ માટે બેદરકારી રાખવા સબબ રૂ. 26,300નો દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે. આમ મનપા તંત્ર દ્વારા રોગચાળો અટકાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જોકે આ સાથે લોકો પણ સાવચેતી રાખે તે ખૂબ જરૂરી છે.

## વેજલપુરમાં 76 વર્ષીય વૃદ્ધાને 'ભૂવા'એ મંદિર બહાર છેતર્યાં

**અમદાવાદ, તા.24**

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં વૃદ્ધોને નિશાન બનાવીને છેતરપિંડી આચરતી એક ટોળકીએ તરખાટ મચાવ્યો છે. અહીં ખોડિયાર માતાજીના 'ભૂવા' હોવાનો ઢોંગ કરીને આવેલા બે અજાણ્યા શખસોએ 76 વર્ષીય ચંદ્રિકાબેન ચંપકલાલ મકાણીને વાતોમાં ઉલઝાવીને તેમની પાસેની આશરે 1,00,000ની કિંમતની સોનાની બંગડીની ચોરીને ફરાર થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ, 23મી નવેમ્બરના રોજ સવારે 11 વાગ્યે વેજલપુર સ્થિત આર.આર. દ્વિવેદી સ્કૂલ આગળ જાહેર માર્ગ પર બન્યો હતો. વીણાકુંજ સોસાયટીમાં રહેતા ચંદ્રિકાબેન મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા, તે દરમિયાન ટુ-વ્હીલર પર સવાર બે અજાણ્યા ઈસમોએ તેમને રોક્યા હતા. આ શખસોએ સૌપ્રથમ ખોડિયાર માતાજીના મંદિરનું સરનામું પૂછ્યું અને પછી એક શખસે પોતે ખોડીયાર અને કાળકા માતાજીનો 'ભૂવો' હોવાનો દાવો કર્યો. વૃદ્ધાનો વિશ્વાસ જીતવા માટે, તેણે પહેલા વૃદ્ધા પાસેથી એક રૂપિયો લઈને પછી તેમને સો રૂપિયા પાછા આપ્યા. આ યુક્તિથી વૃદ્ધા વાતોમાં આવી ગયા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599